શ્રી હંસવિજયજી જૈન લાયબ્રેરી-ગ્રંથમાળા પુસ્તક ચોથું

प्राणीपोकार.

રચનાર-સાંકળચંદ પિતામ્બરદાસ શાહ.
સામળાજીની પોળ—અમદાવાદ.

પ્રકાશક-શ્રી હંસવિજયજી જૈન લાયબ્રેરીના સેક્રેટરી
જેશીંગભાઈ છોટાલાલ સુતરીયા.
અમદાવાદ.

अहिंसा परमो धर्मः—(सर्व शास्त्र मान्य)

દોહરો
દયા ધર્મકા મૂલ હૈ પાપ મૂલ અભિમાન,
તુલસી દયા ન છાંડીએ, જબલગ ઘટમેં પ્રાન

આવૃત્તિ ૨ જી પ્રત ૧૦૦૦૦

અમદાવાદ
ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપી

સંવત ૧૯૬૮ સને ૧૯૧૨

અમૂલ્ય

પ્રસ્તાવના

પ્રિય પાઠકગણ ! આ લઘુ પુસ્તક "પ્રાણી પોકાર" સાક્ષાત પ્ર
પોથી છે પ્રાણી માત્રને પોતાના પ્રાણથી અધિક ઇષ્ટ દુનીઆમાં
કોઇ પણ વસ્તુ નથી એ તો સત્ય છે તેથી પોતાના પ્રાણ જેવાજ
પ્રાણીના પ્રાણ ગણી તેની યોગ્ય કદરબુજ કરાવવાનો આ પુસ્તકનો હે

મહાશય ! આપ જાણો છો કે પ્રાણી માત્રને પ્રાણના પ્રયાણ
જે દુઃખ વેદના થાય છે તે તેના ભોક્તાજ જાણે છે આપણાથી તે
પણ શકાતુ નથી ત્યારે આ પાપી પેટને માટે અતિ ક્રુર બની નિરઅ
પ્રાણીઓનો વધ કરી તેને મહા દુઃખ દેવું, એના સમાન બીજુ એ
અધમ કામ નથી આંબાનું ઝાડ કાપી નાખવાથી મીઠા ફળનો સ્વા
મળતો નથી પણ તેને ઉછેરવાથી વરસોવરસ અમૃતસમાન ફળ

પ્રાણી માત્ર કુદરતનો બગીચો છે તેના ફળો, દુધ, ઘી ફ
નહિ લેતાં તેને મુળમાંથી ઉખેડી નાખવો, એ દેશની દોલતનો ન
બરાબર છે આખી આલમ બીનતકરારે કબુલ કરશે કે પરમે
એક બચ્ચાંને જીવાડવાની ખાતર બીજા બચ્ચાંને મારવાની
એવો ગેરઈન્સાફી તે પરમકૃપાળુ હોયજ નહિ પશુ અને પંખી
દેશની અખુટ દોલત સૌંદર્ય અને જીવનતત્વના સાધનો છે
જવાથી માનવના જીવનતત્વનો નાશ થાય છે પશુઓ ખેતીવા
દુધ ઘીના તેમજ શાન પ્રજાની આમદાનીનાં ઉત્તમ સાધનો

મનુષ્ય અને પશુ-પંખી સર્વે વૃષ્ટિપતિની પ્યારી પ્રજા છે,
યોગ્ય ઇન્સાફ મળે અને પશુ-પંખીને ના મળે એ શું ન્યાયન
આશ્રિતોને વિશ્વાસ આપી તેનો જાન લેવો એ બારેમાં
તેથી પશુઓને પણ વૃષ્ટિપતિએ પોતાની પ્રિય પ્રજા તરીકે
આપવોજ જોઇએ.

પ્રિય વાંચકવૃંદ ! તમે ન્યાયપ્રેમી અને સત્ય શોધકો છો. તે
પંખીઓની ઉપયોગતા અને તેના દુખોનો હેવાલ એમનાંજ કથનરૂપે
સેવામાં મુક્યો છે તેને મનન કરી તેમની ચાકરીના બદલા તરિ
તેમનો બચાવ કરશો તો તેમના ઉપર ગુજરતો જુલમ અટકશે,
પુણ્યના આપ ભાગીદાર થશો. કિંબહુના અસ્તુ

प्राणीपोकार.

મંગળાચરણ

હરીગિત છંદ.

આ લોક ને પરલોકમા મગળ પ્રથમ પ્રાણીદયા,
હિસા અમગળ સ્વર્ગ [૧]અરગળ ઘોર નરક તણી [૨]પ્રિયા,
જીવતર અને સુખ [૩]ઈષ્ટ જેવા આપણે સો માનીએ,
સો પ્રાણી માને ઈષ્ટ તેવા દુખ ન ઈષ્ટ પ્રમાણીએ ૧
લઘુ ગ્રથમાથી તત્વ શોધી દયા દીલમા લાવશો,
તો થશે મગળ પ્રાણીનું ને કૃત કૃત્ય તમે થશો,
વળી ગ્રથ હેતુ સફળ થાશે તત્વ અભિરૂચિ જાગશે,
હિસા જશે જડમૂળથી ને દયાનો જય જય થશે ૨

દોહરા.

પ્રાણી વર્ગમા સર્વથી, રાજા મનુષ્ય ગણાય,
કીડીથી [૪]કુજર લગી, માનવને વશ થાય ૧
પ્રજા તણુ પાલણુ કરે, તે રાજા કહેવાય,
પશુ પ્રજા છે આપણી, કેમ દુખ દેવાય ? ૨
પીડે ભૂખ તરશ થકી, પશુ પંખીને જેહ,
પાળી સભાળે નહિ, નર નહિ રાક્ષસ તેહ ૩
જે વણ વાકે પ્રાણીને, પીડા કરે અપાર,
પ્રાણ હણે પળવારમા, તે નર હિસક ધાર. ૪

---

૧ બારણા પાછળ [illegible] સ્ત્રી ૩ વાહાલા ૪ હાથી.

માખ પાખ પગ કીડીનો, સૌ કુદરતથી થાય,
મનુષ્ય મતિ ચાલે નહિ, તો કેમ નાશ કરાય ? ૫
કુદરતથી જે નીપજે, કુદરત કરે વિનાશ,
અધિકાર નહિ મનુષ્યનો, જીવનો કરવા નાશ ૬
નાશ કરે પર પ્રાણનો, કોપે દૈવ કરાળ,
અન્ન વસ્ત્ર ન મળે કદા, મરણુ બુરા હાલ ૭
ભય નિદ્રા [1]મૈથુન ને, આહારાદિક જે શેષ,
સમાન પશુ માનવ વિષે, નરમા ધર્મ વિશેષ ૮
જાણે નહિ આચાર જે, ધર્માધર્મ વિચાર,
સમજે સાર અસાર નહિ, નર રૂપે પશુ ધાર ૯
સુખ વાચ્છક સૌ પ્રાણીયા, દુ:ખ વાચ્છક નહિ કોય,
જે દુ:ખ સહીએ આપણે, તે દુ:ખ સૌને હોય ૧૦
મરણ બિછાનુ [2]સ્વજનનુ, જોઇ આંસુ રેડાય,
દારૂણ પશુ વધ જોઇ કેમ, કોરી આંખ રખાય ? ૧૧
હૃદય આપણા પર પડે, મરણ સમે જે છાય,
મોત સમે તે દાયથી, પ્રાણી માત્ર છવાય ૧૨
ઘોર દુ:ખોથી આપણે, મોત સમે [3]ગમગીન,
કપે છેલ્લા સમયમા, પ્રાણી પર આધીન ૧૩
છેલ્લી [4]ઉંઘમા આપણે, ઇચ્છીએ આશિર્વાદ,
સકળ પ્રાણી માગે યથા, છેલ્લી ઉંઘમા દાદ ૧૪
હરે ફરે ચારો ચરે, કરે ધણીનુ કામ,
નિર્દોષી પશુને હણે, તેના રૂઠયા રામ ૧૫

૧ સ્ત્રીસેવા ૨ સગા વહાલાં ૩ બેચેન ૪ પંચત્વ-મરણ

ગગન વિહારી પંખીયો, તરૂપર કરે કલોલ,
વિના વાક શાને હણો, ભરી છરા પિસ્તોલ ? ૧૬
પાપી પેટ પટાવવા, દ્યો નહિ પરને દુખ,
ભાજી પાલો અન્ન ફળ, ખાઇ સમાવો ભૂખ ૧૭
અન્ન ફળો સોંઘા મળે, મોઘા મધુને માસ,
અન્ન નિરોગી સ્વચ્છ છે, રોગી ગદયુ માસ ૧૮
નખ પંઝા જે પ્રાણીને, માસ અહારી તેહ,
એ સાધન નહિ મનુષ્યને, વટલાવો શીદ દેહ ? ૧૯
માણુસ માટે કુદરતે, સરજ્યો અન્ન ફળ અહાર,
માસ ભખે તજી અન્નને, નહિ માણુસ આચાર ૨૦
વિચાર શક્તિ બુદ્ધિમા, માણુસ શ્રેષ્ટ ગણાય,
સ્વલ્પ જીભના સ્વાદથી, કેમ પર પ્રાણ હણાય ? ૨૧
દેવી યજ્ઞ નિમિત્ત પણ, પશુનો વધ પ્રતિકુળ,
સકળ શાસ્ત્રમા દાખવ્યો, દયા ધર્મ અનુકુળ ૨૨
આપણને ફાડી કદી, શિકારી પશુ ખાય,
તિંવ્ર દુખ કેવુ પડે, એહ વિચારો ન્યાય ૨૩
પાપ થકી આ પેટનો, કદી ન ખાડ પુરાય,
પ્રાણીનો વધ પરહરો, અન્ને પેટ ભરાય ૨૪
તત્વાતત્વ વિચારીને, સમજુ જન લ્યો સાર,
પાપ મૂળ હિંસા તજો, સુણી પ્રાણી પોકાર ૨૫



गायनो पोकार.



હારે કાઈ આસો માસે શરદ પુનમની રાતજો—એ રાગ.

હારે કાઈ ગાય કહે સૂણો પશુનો આ પોકારજો,
ગોબ્રાહ્મણ પ્રતિપાલક રજવાડા મળીજો,
હારે કાઇ બ્રાહ્મણને રક્ષી દ્યો ભોજન સારજો,
ગૌ રક્ષણ નવ થાય ન ગૌહત્યા ટળીજો
હારે કાઇ વર્ષો વર્ષે કતલ ક્રોડની થાય જો,
ગૌ વિણ ક્યાથી જગજીવન ખળહો થશે જો,
હારે કાઈ બળદ વિના ખેતીનો નહિ ઉપાય જો,
ખેતી વિણ આ ભરતભૂમિ રડાઈ જશે જો

હારે કાઈ રાજા મહારાજા તાજા છો આપ જો,
મહાજન સાજન જગજન અમપર ઝૂઝતા જો,
હારે કાઈ ગાયને ગૌપુત્રોનો એ પરતાપજો,
ભૂખ તરશ વેઠી દહીં, દધ, ઘી, દૂઝતા જો ૩
હારે કાઈ મૂળ છેદતા ફળ ઉત્પન્ન નહિ થાય જો,
ગાય બળદ ઉપયોગી પ્રાણી ટકાવીએ જો,
હારે કાઈ ગાયને દીકરી જ્યા દોરે ત્યા જાય જો,
દેશોન્નતિ માટે ગૌવધ અટકાવીએ જો ૪
હારે કાઈ બ્રિટીશ રાજ્યનો ન્યાય તાજ છે આજ જો,
ન્યાય અમારો માગો રાજન મહાજનો જો,
હારે કાઈ ભારતભૂમિનુ ગૌધન ગો શીરતાજ જો,
તે ઘટતા ઘટશે વૈભવ દેશ રાજ્યનો જો ૫
હારે કાઈ એક ગાય જીવે ત્યા લગી આધારજો,
ઘણા જણોનુ જીવન ઉત્પન્ન ફાયદો જો,
હારે કાઈ નાશ કરે તેનો એક જણ એકવાર જો,
નહિ એ વ્યવહારિક કે કુદરત કાયદો જો ૬
હારે કાઇ ઉત્પાદક પશુ પ્રાણી કરતા નાશજો,
ભંગ થાય વ્યવહારિક કુદરત કાયદો જો,
હારે કાઇ ન્યાય પ્રબધથી શિક્ષા થાય ન ખાસ જો,
પણ કુદરતથી શિક્ષા થાય ન વાયદોજો ૭
હારે કાઇ પ્રાણી હત્યાથી બુરૂ પરિણામજો,
બજાવીએ જન સેવા જીવતા લગી ભલાજો,
હારે કાઇ હાડ [illegible]મા પછી આવે કામજો,
પ્રાણી ઘાતક [illegible] પુતળાજો

હારે કાઇ આર્યધર્મથી વીપરીત ગૌવધ થાય જો,
ધર્મશાસ્ત્ર કહે દેવ ગાય દીલમા વસેજો,
હારે કાઇ દાદ સુણાવો ધર્મ વિરૂદ્ધ અન્યાયજો,
શ્રી સરકાર ન્યાય ગાયને આપશે જો ૯
હારે કાંઈ કરી કાયદો ગૌવધ કરશે બંધજો,
આર્યજનો સૌ સંપી અરજ ગુજારશોજો,
હારે કાઇ દેશોન્નતિ થાશે ને પુણ્ય પ્રબંધજો,
સાકળચંદ કહે કૃષિકર્મ ઉદ્ધારશોજો ૧૦

ચાલો સાહેલી ચાલો સાહેલી ભુવનેશ્વરીના સૌ મળીને-એ રાગ.

સુનીએ અરજી (૨) ગાય કહે અમ દુખની કહાણી દીલ ધરીએ
દેશની હાની, ગૌવધે માની, ન્યાય ગાયનો હિંદુ ઇસ્લામી કરીએ
ગૌબ્રાહ્મણ પ્રતિપાલધિરાજ, ક્ષત્રી ધર્મ ઉરમા ધરીએ,
દહીં દૂધ ઘીથી પેટ પ્રજાનું, અમે ભૂખ વેઠી ભરીએ,
અમ પુત્રો જીવન ખેતીના, તે વીણ જગ ભૂખે મરીએ સુનીએ ૧
જીવતા સુધી ચાકરી કરીએ, મરીને પગપૂજન કરીએ,
એ ઉપકાર અમાપ અમારો, રાજા પ્રજા ન વિસરીએ,
અન્ન,ફુલ,ફળ,મેવા, મીઠાઇ, અમે સકળ ચીજ ઉદ્ધરીએ સુનીએ ૨
જ્યોર્જ ફીફ્થ શહેનશાહ હિંદના, સુણી અરજી અમ દુખ હરીએ,
ગૌવધ પરહરી રક્ષણ કરીએ, સાકળચંદ કૃષિ સુધરીએ સુની ૩

ગોપીચંદ લડકાનો રાગ.

રૈયતને રાજા, ન્યાય ગાયનેરે રૂડો આપીએ,
માણસને પશુ મહારાજાની, ઉભય પ્રજા કહેવાય (૨)

નળે ન્યાય માણુસને સાચો, પશુનો ન્યાય ન થાય રૈયત ૧
દહીં, દૂધ, ઘીના ગ્રાહ અમોને, નાહક કસાઈ કાપે, (૨)
ખેતીનુ જીવન ખોવાથી, ઝેર રગોરગ વ્યાપે રૈયત ૨
ગૌમાતા હુ નિજ પયપાને, મા વિણુ બાળ ઉછેરૂ, (૨)
ઉભય ટક અમૃતસમ દૂધથી, પોષણુ કરૂ જગ કેરૂ રૈયત ૩
જ્યા દોરે ત્યા ગરિબ ગાય ને, દીકરીયો દોરાય, (૨)
ગૌવધ બધ થતા કૃષી વાધે, સાંકળચંદ સુખ થાય રૈયત ૪

દોહરા.

બાળકને પય પાનથી, ઉછેરીએ ભલી ભાત,
તે કારણુથી ગાયને, લોક કહે ગૌમાત. ૧
અદલઘટ સુણી અકબરે, કર્યો [1]ગાયનો ન્યાય,
ગૌવધ થાય ન હિંદમા, એવો કર્યો ઉપાય ૨
રાજ્ય તજી વ્રજમા વસ્યા, વાસુદેવ ધરી વહાલ,
ગરીબ ગાયના કારણે, પ્રભુ થયા ગોપાળ ૩
તે શ્રી કૃષ્ણુ સ્વરૂપ છો, આર્ય ક્ષત્રી મહારાજ,
ન્યાય થાય નહિ ગાયનો, સુણે ન કોઈ અવાજ. ૪

हरणनो पोकार.

વહાલે અમૃત પાઈ ઉછેર્યા વહાલાજીએ અમને [illegible]
કહે મૃગલા સુણો પોકાર દયા દીલ [illegible]
નિરઅપરાધિ અમે રાક હણો નહિ [illegible]

---

૧ અકબરશાહનો [illegible] ગાયે [illegible] ન્યાય કરી શાહે હિ [illegible]



વા'લુ જન્મનુ વન ભયથી અમે મૂક્યુ વિસારીરે,
તજી માત સમાન તૃણાકુરની સ્થળી સારીરે   સુણો ૧
તજી પથમા બાળ સહીત મૃગલી અમે રાકેરે,
પણ પારધી મૂકે ન પુઠ હણે વણ વાકેરે,
લહે શરણું તંરણું મુખ ડે શસ્ત્ર નિવારેરે,
પુઠ વાળીને ભાગતા શત્રુને ક્ષત્રી ન મારેરે   સુણો ૨
અમે અશરણ તરણા ભક્ષીએ શસ્ત્ર ન પાસેરે
ડરી ભાગીએ ક્ષત્રી શિકારી હણે બહુ ત્રાસેરે,
કોઇ વીરલા ક્ષત્રી ક્ષત્રીનો ધર્મ પિછાણેરે,
થયા શૂરવીર કાયર નિર્બળને હણી જાણેરે   સુણો. ૩

પણ નિર્બળનુ કરે રક્ષણ તે કુળદીવોરે,
ધન્ય ભારતવર્ષી આર્યપુત્ર ઘણું જીવોરે,
સાર્વભૌમપતિ શહેન્શાહ અરજ સાભળશેરે,
ઈન્સાફ અદલ સાકળચંદ અમને મળશેરે સુણો ૪

ઘેટાંનો પોકાર.



રાગ ઉપરનો.
કહે ઘેટા સુણો સૌ સજ્જન અરજ અમારીરે,
શુ લેશો સ્વર્ગનુ રાજ્ય રાકને મારીરે,
કોઈ દેવીને બહાને ભોગ અમારો આપેરે,
હા! હિંદુ નિર્દય થાય ગળા અમ કાપેરે સુણો ૧

પણ ધર્મ સકળનું મૂળ અહિંસા ભાખીરે,
જીવ હિંસાથી મહું પાપ શાસ્ત્ર સૌ સાખીરે,
પણ કળિયુગમાં કર્યા શાસ્ત્ર શસ્ત્ર દુર્મતિએરે,
એ શસ્ત્રથી પશુ વધ થાય જશે શી ગતિએરે? સુણો ૨
પણ શાસ્ત્ર અર્થ અનરથ કરી શસ્ત્ર ન કરીએરે,
ગયો આર્યધર્મ ધરબોળ દયા ગઈ દરીએરે,
કરે શાકની બકરીઈદ વાઘઈદ વરજીરે,
બકરા પર ચાલે જોર સુણે કોણ અરજીરે? સુણો ૩
નથી કાંઈ બગાડ્યું તૃણ ભખી અમે માણીરે,
દહીં દૂધથી પોષીએ તમને માનીક જાણીરે,
અમે ટાઢે મરીને ટાળીએ ટાઢ તમારીરે,
તન આપીને એની સેવા બજાવીએ સારીરે સુણો ૪
ઉપયોગીને હણતા હાથ હૃદય કેમ ચાલેરે?
એ ન્યાય વિચારો નરપતિ હાલી આ કાળેરે,
નવરાત્રીને દશરામાં પશુનો વધ અટકાવોરે,
એવી આણ દયાપ્રતિપાળ પ્રજામાં ફેલાવોરે સુણો ૫
પૂર્વે મહારાજ અશોકે દયા ફેલાવીરે,
પશુ રખવાળાઓ ઠામ ઠામ બનાવીરે
માનવ પશુ માટે ઔષધશાળાઓ સ્થાપિરે,
જેમાં મુખ્ય એ ફરમાનથી કીર્તિ વ્યાપીરે. સુણો ૬
વળી અકબરશાહે દયાપટહ વગડાવ્યોરે,
પ્રતિ વર્ષે અમુક દિવસ પશુ વધ અટકાવ્યોરે,
દેશ અઢારમાં મહારાજ કુમારપાળેરે,
કર્યો જીવ વધનો પ્રતિબંધ દયાપ્રતિપાળેરે સુણો ૭

આર્યધર્મસ્તભ રક્ષક દેશી મહારાજારે,
ખરા ક્ષત્રી ધર્મના જાણુ ન્યાયમા તાજારે,
નિર્દોષીને હણુતા પુરૂષાર્થ ન છાજેરે,
દયાપ્રતિપાળકના ગુણુ સાકુળચદ ગાજેરે   સુણો ૮

पाडानो पोकार.



સાંભળને તુ સજની મારી, રજની ઠ્યા-એ રાગ.
[1]મહિષ કહે સુંણો અરજી મારી, હુ ઉપયોગી પ્રાણીજીરે,
પખાલ વહી પીવરાવુ પાણી, ભોંય ખણું હળ તાણી

૧ પાડો

હિંસા તજીએજીરે, હિંસા નરક નિવાસ, પાપ [1]વરજીએજી રે ટેક
ભાર વહન કરે ગાડુ ખેચુ, ભૂખ તરશ બહુ સાખીજીરે,
મુજ [2]મહિષીના દહીં દૂધ ઘીથી, જીવે આલમ આખી હિંસા ૨
તે મહિષી ઉત્પાદક પ્રાણી, અમ વિણ કોઈ ન દીસેજીરે,
મૂળ છેદીને ફળ કેમ ખાશો, ન્યાય કરો વણ રીસે હિંસા ૩
પણ નિર્દય ઉપકાર ન જાણે, અમને હોશે મારે જીરે,
નિજ સ્વાર્થે દેવીના બહાને, ક્રૂર થઇ સંહારે હિંસા ૪
મરકી રોગ નિવારણ કારણ, ભોગ અમારો આપેજીરે,
પાપ થકી સુખ શાંતિ ન મળે, ઉલટો વ્યાધિ વ્યાપે હિંસા ૫
[3]જાતર આદિકમા નિર્દયજન, ગીણવી રીણવી મારેજીરે,
ધગ ધગતો શળીયો માથામા, ઘોંચી પ્રાણ વિદારે હિંસા ૬
રૂધીર પાનથી મસ્ત થઇ કરે, તીલક કપાળે કાનેજીરે,
ઘર ઘર લોહીના છાપા મારે, રક્ત બને [4]**મધુપાને**. હિંસા ૭
જીવ બચાવા બહુ તરફડીએ, જોર ન ચાલે કાંઇએજીરે,
ખડખડ શસ્ત્રે કરી નાખે, એ દુખ જોયુ ન જાએ હિંસા ૮
[5]અમી પૂજનમા મહા પૂજન અમ, દશરાને દીન હોવેજીરે,
પશુ વધથી પૂજન ફળ ન મળે, માસ રૂધીરથી પીવે હિંસા ૯
કોઇ કોઇ સુધરેલા રાજ્યે પણ, [6]અંધ પરંપરા ચાલેજીરે,
રૂધીર માસનો કાદવ કરીને, ઘાણ પશુનો વાળે હિંસા ૧૦
પરને દુખ દેઇ સુખની ઇચ્છા, ઘેલો પણ નવ રાખેજીરે,
દુખ દેઇ પરને દુખીયા બનીએ, શાસ્ત્ર સકળ એમ ભાખે હિંસા ૧૧

---

૧ તજીએ ૨ ભેંસ ૩ મેલડીની બાધા ૪ દારૂ પીને ૫ અમી નામના અનાજનુ પૂજન ૬ દેખાદેખી

કોઇ કોઇ રાજાએ નિજ રાજ્યે, દયાપડહ વગડાવ્યોજીરે,
ધન્યવાદ એવા નરપતિને, પશુનો વધ અટકાવ્યો હિંસા ૧૨
ભારત ભૂષણ મૈ મહારાજા, આર્ય ક્ષત્રીમા છાજેજીરે,
માત સમાન દયાને વહાલી, ગણજ્યો એક અવાજે હિંસા ૧૩
નવરાત્રી ને દશરા દિવસે, પશુના જાન બચાવોજીરે,
અધર્મ ધર્મના બહાને નિપજે, તે અધર્મ અટકાવો હિંસા ૧૪
ન્યાયે જોતા નિર્દોષી પશુ, હણતા કલંક લાગેજીરે,
પશુ વધથી વધ થાય આપણો, દયા આકુળચ દ માગે હિંસા ૧૫

पशु समाजनो पोकार.

લાવણી, મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી-એ રાગ.

કોઇ સ્થાને પશુ સમાજ મળ્યો એક વેળા,
સુખ દુખની વાતો કરે પરસ્પર ભેળા,
પર આધીન આપણ ભૂખ તરશ દુખ સહીએ,
દુનીયા ભૂલે ઉપકાર દાદ કયા કહીએ? ૧

હરણ—કહે મૃગલો જન્મ સ્થાન તજ્યુ મે વહાલુ,
તજી મૃગલી વનમા તજ્યુ તૃણાકુર થાળુ,
ચરીએ તૃણ હરીએ શસ્ત્ર ન રાખુ પાસે,
પણ તજી ક્ષત્રી નિજ ધર્મ હણે બહુ ત્રાસે ૨

ગાય—કહે ગાય ન ખાઉં હરામ ધણીનુ ખાણું,
ખમણું ત્રમણુ આપુ દહીં દૂધ ઘી નાણું,
હુ બળદ પુત્ર આપુ જગજીવન દોરી,
તોય કસાઇ લે મુજ-પ્રાણ ન મૂકે કોરી. ૩

બળદ—કહે બળદ મહી ભૂખ તરશ ખેંચીએ ગાડુ,
કરૂ ખાતર ખેતી બોજ રોજ ઉપાડુ,
નહિ [1]ઘરનો કે ઘાટનો ફેરવુ [2]ઘાણી,
જગજીવન છુ નવ નીરે ચારો પાણી ૪
ઘોડો—કહે ઘોડો મજલો મજલ મને દોડાવે,
થાકુ પણ નહિ વિશ્રામ તગડ તગડાવે,
ભાડુતીયા પૂરી ચદી ન દે લે ભાડુ,
યુદ્ધમા પહેલો મરી માલીકને જીવાડુ ૫
ગધેડો—કહે ગધેડો બોજ ગજા ઉપરાત ઉપાડુ,
ચાલુ સીધો પણ મારે ડફણું જાડુ,
પીઠ ઉપર ચાદા પડે બોજ પણ નાખે,
માદો કે ઘરડો થઉં રખડતો રાખે ૬
કુતરો—કહે [3]શ્વાન ન નિદ્રા કરૂ હરામ ન ખાઉં,
ટુકડો ખાઈ પહેરેગીરની ફરજ બજાવુ,
વરૂ કાશદનુ હુ કામ બાળ ખેલાવુ,
પણ મ્હોત કમ્હોતે મરૂ હડધુત થાઉં, ૭
પાડો—કહે પાડો પખાલ વહન કરી કરૂ ખેતી,
મુજ મહિષી દહીં દૂધ ઘીથી જીવન દેતી,
પણ નિર્દય દેવી દ્વાર ભોગ મુજ આપે,
જાતર નવરાત્રી દશરાને દિન કાપે ૮
ઘેટા—કહે ઘેટા ખમીએ ટાઢ જગતની ટાળી,
દહીં દૂધ ઘી ને ઊન દેઇએ બદલો વાળી,

1 ધોબીનો ખર. ઘરનો એ નહિ ને ઘાટનો એ નહિ 2 ઘાચીની ઘાણી 3 કુતરો

પણ કૃતઘ્ન ખાવા માસ ગળાં અમ કાપે,
જાતર નવરાત્રી યજ્ઞ મીષે [1]બળી આપે ૯

ઊંટ—કહે ઊંટ મુસાફરી કરૂં બોજ બહુ [2]લાદી,
નહિ ધાન ધણીનું ખાઉં લીમડા આદિ
પણ યુદ્ધમા ગઢ તોડવા આણુ લે મારો,
રણમા જળ માટે હણે પ્રાણ મુજ પ્યારો ૧૦

હાથી—કહે હાથી હું દરબાર દીપાવું દાના,
યુદ્ધમા મુજથી જય થાય ન પ્રાક્રમ છાના,
લઘુ અંકુશ વશ રહું મનુષ્ય ન અંકુશ રાખે,
રમણિના ચુડલા કાજ હણે વણ વાંકે ૧૧

ઇત્યાદિક પશુ સમાજ દુઃખ બહુ દાખે,
મુખ બોલે નહિ પણ હાય અવાચક નાખે,
પશુ દેશ પ્રજા રાજાનો ખરો ખજાનો,
પશુ કલ્પદ્રુપ બાગ સુ સાંકળચંદ મજાનો ૧૨

पक्षी समाजनो पोकार.

માજી તું પાવાની પટરાણી કે કાળી કાળકારે લોલ-એ રાગ.

મહાજન રાજન અરજ સુણો ઉચ્ચરે પક્ષી મળીરે લોલ,
વનફળ ચરીએ ગગન વિચરીએ રહીએ હળી મળીરે લોલ,
નિરઅપરાધી કરીએ કલ્લોલ વૃક્ષ ઘટા વિષેરે લોલ
પણ પિસ્તોલ ગલોલથી મારે રસના રસ મીષેરે લોલ ૧

ઠામ અમારો ફેડી લે ઇંડા બચ્ચા હરીરે લોલ,
જાળ રચી તરૂપર ઉંઘતા બાંધે બંધન કરીરે લોલ,

---

૧ યજ્ઞમા હોમ.



અમને પકડી શૂળ પરોવી છેદે પાખનેરે લોલ,
મરડી નાખે ડોક અનાડી મારે લાખનેરે લોલ ૨
ચૂસે લોહી અમારૂં નિર્દય હિંસક પશુ સમારે લોલ,
કાળ સમાન વિના અપરાધે કોપે કારમારે લોલ,
પણ અમે કોઈનું કાંઈ બગાડયું નથી ન બગાડીએરે લોલ,
કલ્લોલ કરીએ રમીએ બાગ બગીચા વાડીએરે લોલ ૩
કોયલ મધુર સ્વરે પંચમરાગે લલકારતીરે લોલ,
ટહુક ટહુક [1]સહકારે કરતી [2]ધ્વની ઉચ્ચારતીરે લોલ,

૧ આંબો ૨ વાણી

મીઠુ બોલી મેના પોપટ આનદ આપતારે લોલ,
વિધવિધ પખી કિરરર કિરરર કરી [1]આલાપતારે લોલ ૪
થેઇ થેઈ નાચે મોર ચકોર લલીત ટહુકા કરેરે લોલ,
હસ [2]યુગલ જઇ માનસરોવર [3]મુકતાફળ ચરેરે લોલ,
સૌને દેઇ આનદ અમે આનદે મ્હાલીએરે લોલ,
વસ્તીમા નવ કરીએ ભીડ ગગનમા ચાલીએરે લોલ ૫
તમ વૈભવમા ભાગ ન લેઈએ સતોષે રહીરે લોલ,
[4]આલમથી નહિ વેર ઝેર રહીએ સુખ દુખ સહીરે લોલ,
તો શુ વેર પુરાતન અમ માથે કહો નરમણીરે લોલ,
[5]સબળ કર્યા શુ દૈવે નિર્બળને હણવા ભણીરે લોલ ૬
પણ છે ન્યાય સર્વનો સરખો પ્રભુ દરબારમારે લોલ,
લાચ શીફારસ ત્યા નહિ ચાલે કે સરકારમારે લોલ,
બુલબુલ પખી નાહક મારે પીછા કારણેરે લોલ,
તે પીછે નિજ તન શોભાવે બાળક પારણેરે લોલ ૭
પણ વૈભવ સૌભાગ્ય સ્વરૂપ કુદરતથી તમ વિષેરે લોલ,
પુરવ પુણ્ય પસાયે મળ્યુ તો શુ પીછે થશેરે લોલ,
ભેસ હણે વાઘરડી માટે તે મૂરખ ભણ્યોરે લોલ,
પીંછા સાટે પખી હણતા નિજ આત્મા હણ્યોરે લોલ ૮
એકને દુખ દેઇ બીજો સુખ લે નહિ પ્રભુ કાયદોરે લોલ,
પણ વાકે અમને હણતા શો તમને ફાયદોરે લોલ,
પાપ તણા ફળ કડવા ખાશો નહિ કાઇ વાયદોરે લોલ,
કરણી પાર ઉતરણી કર્મનો મર્મ અલાયદોરે લોલ ૯

૧ રાગથી ગાવુ ૨ નરમાદાનું જોડુ ૩ મોતી ૪ દુનીઆ ૫ બળવાન

[illegible]
[illegible]
[illegible]
[illegible] 10
[illegible]
[illegible]
[illegible]
[illegible] 11
[illegible]
[illegible]
[illegible]
[illegible] 12
[illegible]
[illegible]
[illegible]
[illegible] 13

जळचरनो पोकार.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

અમને મચ્છી જાળે પકડી, કાંઠા ઉપર ફેંકેરે,
મચ્છી બજારમા જઈ વેચે, અમને જીવતા શેકેરે મચ્છ ૪
પણ ઉપયોગી જળચર પ્રાણી, જળ સગાથે પ્રીતિરે,
જળથી દૂર થતા તરફડીએ, સજ્જન મિત્રની રીતિરે મચ્છ ૫
અન્ને પેટ ભરાય તમારૂ, મનુષ્ય શિકારી ન પ્રાણીરે,
અમે જીવી ઉપકાર કરીશુ, સ્વચ્છ હવા ને પાણીરે મચ્છ ૬

દોહરા.

પશુ-પખી જળચર બધા, વાચા વગર ગણાય,
શું પોકાર કરી શકે ? પ્રશ્ન સ્વભાવિક થાય ૧
સુખ દુ ખ વેધક જીવ સૌ, દુ ખથી ડરે અપાર,
નિજ નિજ ભાષામા ભણે, દુ ખ સુખનો પોકાર ૨

अपंग अने अनाथ मनुष्योनो पोकार.

વહાલા વેગે આવોરે, દયા દીલે લાવોરે-એ રાગ.

દયા દીલે લાવોરે, અપ ગ બચાવોરે, ધર્મ એ ધનવાનનો-હોજી
દયા વિના તો જશે અમારા પ્રાણ ધર્મ ટેક
અમે દુ ખી સુખીયા તમે, ન્યાય સૂચવીએ હાલ,
દાન ન દીધું પુરવે, બુરા થયા હવાલ,
દયા નહિ લાવો તો નથી કાંઈ દાવોરે ધર્મ ૧
ખોડા ઢોરો પાળવા, કરી પાજરા પોળ,
અપ ગ જનને પાળવા, નથી કોઈ ભ ડોળ,
મુગા બહેરા અધાને નભાવોરે ધર્મ ૨
અમે અપ ગો રખડતા, ફેખો ઠામો ઠામ,
રક્ષણશાળા નવ મળે, નહિ આવે ધન કામ,
દુ ખીયા જનના દુ ખડા સમાવોરે ધર્મ ૩

અન્ન ન ખાવા પહેરવા, વસ્ત્ર ન રહેવા ગેહ,
કંપે માથા ટાઢથી, તાપે દાઝે દેહ,
દીલના દાના દાન ધરાવોરે ધર્મ. ૪

કેંજ ભૂમિને આખનો, પીઠોડો આગ લાગ,
પવન અન્દર કરી કહાડીને, ભૂખમરાથી પ્રાણ,
રક્ષણશાળા રૂડી બંધાવોરે ધર્મ ૫

અમે તિમ દુઃખ વેઠીએ, તમે ભોગવો સુખ,
અરે ન લાવો ઉરમાં, શું મલકાવો મુખ,
ઔષધશાળા દીનની ઉઘડાવોરે ધર્મ ૬

બાળાશ્રમ વૃદ્ધાશ્રમો, વિધવાશ્રમ વિશ્રામ,
ઠામ ઠામ પુણ્યાશ્રમો, સ્થાપી રાખો નામ,
લક્ષ્મીપતિ લ્યો લક્ષ્મીનો લ્હાવોરે ધર્મ ૭

સમાન મનુષ્ય અમે તમે, તમે સુખી અમ દુઃખ,
પણ કુદરતનો કાયદો, સૌને વહાલું સુખ,
એકલપેટા તજીએ સ્વભાવોરે ધર્મ ૮

મહેનત કાંઈ ન નિપજે, અમે અશક્ત અપંગ,
અન્નદાન ને સ્થાન દ્યો, વસ્ત્ર ઓઢવા અંગ,
અરજી માકુભાઈ સુણાવોરે ધર્મ. ૯

अजामेध यज्ञ.

बोकडानी फरियाद, धनपाळनी वकिलात, राजा भोजनो न्याय, अने निर्दोष प्राणीनो छुटकारो

ચોપાઈ.

રચ્યો યજ્ઞ મંડપ એક બેશ, યજ્ઞ સ્તંભ રોપ્યો સુપ્રદેશ,
અગ્નિકુંડ તે વચ્ચે કર્યો, પુષ્પવાસ ચોદિશ વિસ્તર્યો. ૧



કેળ સ્તંભ રોપ્યા ચોપાસ, દસ વીસ બ્રાહ્મણ બેઠા પાસ,
વેદમંત્ર વાણી ઉચ્ચરે, પણ જીવ હિંસાથી નવ ડરે ૨
મધુ યવ ઘૃતના કુંભા ભર્યા, પચરંગી ધાન્યો પાથર્યા,
ટીલાં ટપકા નાહી ધોઈ કર્યા, પુસ્તક વિપ્રે કરમા ધર્યા ૩
યજ્ઞ સ્તંભ બાંધ્યો બોકડો, પાછળ એક અસિ લેઈ ખડો,
જાય ત્યા થઈ ભોજ ભૂપાળ, સાથે પંડિત છે ધનપાળ ૪
છાગે નિજ ભાષામા ભણી, અરજી ભોજ ભૂપતિ ભણી,
રાજા પૂછે હે ! ધનપાળ, છાગ વદે શી વાત રસાળ ,, ૫

પંડિત કહે સુણો પૃથ્વીપાળ, છાગ કહે સુણ અરજ ભૂપાળ
નોધારાનો તું આધાર, તું જગનો છે જીવણહાર ૬
અદલ ન્યાય આલમનો થાય, મને આપ મહારાજા ન્યાય,
પ્રાણ હણે મારો છળ બળે, મને વિપ્ર સ્વર્ગે મોકલે ૭
નથી સ્વર્ગનું મારે કામ, સ્વર્ગ સકળ મારે આ ઠામ,
બહુ નારીનો હું ભરતાર, પુત્ર પુત્રીનો નહિ મુજ પાર ૮
તે સઘળાનો કરી વિજોગ, વિપ્રો આપે મારો ભોગ,
નિર્બળ નિરઅપરાધી રાંક, નથી અમારો કોઇએ વાંક ૯
કસાઈ નિર્દય લે મુજ જાન, વિના વાંક પકડે મુજ કાન,
કાંકરો મૂંગી સૌ વનસ્પતિ, આરોગું સંતોષી વૃત્તિ ૧૦
કોઈ ન હોમે યજ્ઞે વાઘ, રાંક અમે હોમે સૌ દાગ,
જીવ હિંસાથી જો ફળ થાય, પાપ બિચારો તો ક્યાં જાય? ૧૧
પાપ યજ્ઞથી સ્વર્ગે જાય, યાજ્ઞિક પુત્ર પુત્રી હોમાય,
હોમે સ્ત્રી માતાદિક હણી, નથી સ્વર્ગની મુજ માગણી ૧૨
પંડિત કહે ભૂપતિ મહાભાગ્ય, અરજ કરે છે એવી દાગ,
દયા ભૂપના મનમાં વસી, ન્યાયબુદ્ધિ વળી ચિત્તમાં ઠસી ૧૩
છોડાવ્યો બકરો તત્કાળ, હોમાવ્યા ત્રી ધાન્ય રસાળ,
તિલકમંજરીમાં એ વાત, ત્યાંથી મૂક્યું આ દૃષ્ટાંત ૧૪

अहिंसा निषेधक सर्व धर्म मान्य प्रमाणो.

પિત્તળ લોટા જળે ભર્યા રે—એ રાગ

દયા ધર્મનું મૂળ છે રે, હિંસા પાપનું મૂળ રે,
ચતુરનર, હિંસા ન કરીએ પ્રાણીની રે ટેક
અહિંસા પરમો ધર્મ છે રે, વેદવાક્ય અનુકૂળ રે ચતુર ૧

[1]શાંતિપર્વ મહાભારતેરે, દાખી દયાની વાતરે, ચતુર
મન વાણી કર્મે કરીરે, કરવો ન પ્રાણીનો ઘાતરે ચતુર ૨
અનુસાસન પર્વે કહ્યુંરે, પરમાસે પોપે દેહરે, ચતુર
અધમ ન કોઇ એથી કહ્યોરે, નિર્દય ક્રૂર નીચ તેહરે ચતુર ૩
ભાગવતનો સ્કંધ સાતમોરે, [2]અધ્યાય ચૌદમો દેખરે, ચતુર
નારદમુનિ કહે ધર્મનેરે, વાચો પવિત્ર એ લેખરે ચતુર ૪
મૃગ ખર કપિ ઊંટ ઉંદરારે, પક્ષીઓ સાપ ને માખરે, ચતુર
નિજ આત્મા સુત સમ ગણોરે, અંતર ભેદ ન રાખરે ચતુર ૫
મનુસ્મૃતિમા જે કહ્યુંરે, અધ્યાય [3]પાંચમો જોયરે, ચતુર
વધ વિણ માસ મળે નહિરે, જીવ વધે સ્વર્ગ ન હોયરે ચતુર ૬
વિષ્ણુપુરાણે દાખવ્યોરે, ધર્મ અહિંસા સારરે, ચતુર
પ્રભુના એ ફરમાનનેરે, પાળો ઉર ધરી પ્યારરે. ચતુર ૭
વહાલા જીવ સુખ આપણેરે, પ્રાણીને વહાલા તે સુખરે, ચતુર
પ્રાણીના વધથી પામશોરે, ઘોર નરકના દુખરે ચતુર ૮
પરાશરસ્મૃતિ વૃદ્ધમારે, લેખ લખ્યો છે ઉદારરે, ચતુર
પિતૃ તૃપ્તિ કરે માસથીરે, તે કહ્યો મૂર્ખ ગમારરે ચતુર, ૯
ચંદનનુ વન બાળીનેરે, ચોળે નિજ તન ગખરે, ચતુર
હિંસા ન કરવી શ્રાદ્ધમારે, ધર્મ શાસ્ત્રની એ શાખરે ચતુર ૧૦

મા પાવા તે ગઢથી ઉતર્યાં, મહાકાળીરે—એ રાગ.

જૈનધર્મ [4]સુયગડાંગમાં, સુણ શાણારે,
કહ્યો ધર્મ અહિંસા મુખ્ય, સાંભળ શાણારે ટેક
સાર જ્ઞાનીના જ્ઞાનનો, સુ જીવ હણે નભૂણ કે દુખ, મા ૧

---

૧ અધ્યાય ૧૬૨ મો ૨ શ્લોક નવમો ૩ શ્લોક અડતાળીશમો
૪ પહેલા અધ્યયનના ચોથા ઉદ્દેશાની ૧૦ મી ગાથા

અજતી રાજાને કહ્યા, સુ [1]ઉત્તરાધ્યયને જે બોધ, સા
ગર્દભાળ મુનિપતિ કહે, સુ દેઉં અભય તને અવિરોધ સા
તુ પણ પ્રાણી માત્રને, સુ દે અભયદાન મહારાય, સા
શુ જીવવા ? હિંસા કરે, સુ તુજ આત્મા મેલો થાય સા.
જીવો જીવસ્ય જીવનમ્[2], સુ એ વાક્યનો અર્થ વિચાર સા.
જીવ જીવે જીવ મદદથી, સુ. એ આનો અર્થ વિચાર સા
ઇસ્લામી ધર્મે વળી, સુ લીલુ દાતણ ન કપાય સા
કીડીનુ રક્ષણ કરે, સુ બકરા કેમ કાપ્યા જાય ?! સા
મિસ્લો ધર્મ ક્રિયા કરે, સુ તે ખાય ન પ્રાણી મારા, સા
પેગમ્બર સાહેબનો, સુ છે હુકમ અહિંસા ખાસ સા
પીરોને ઓલીયા થયા, સુ તે ભાજી પાલો ખાય, સા
"રહીમાન" નો અર્થ જો, સુ દયાળુ ઈશ્વર થાય સા
તો તે બકરા કાપવા, સુ કદી હુકમ ન દે નિરધાર, સા
આલેકુરાનીઆતથી વળી, સુ કોઈ પેમે તરકીત સાર સા

---

૧ અગ્યારમા અધ્યયનની ૧૧ મી ગાથા

૨ પશુ-પક્ષીની મદદથી મનુષ્યો જીવે છે અને મનુષ્યની મદદથી તેઓ જીવે છે, જેમકે દહીં, દુધ અને ઘી આપીને તથા ભાર વહન કરીને પશુઓ આપણને પાળે છે, અને આપણે તેમને ચારે પાણી નીરી પાળીએ છીએ તેથીજ શાસ્ત્રમા "જીવો જીવસ્ય જીવનમ્" લખ્યુ છે પણ જો તેઓ મનુષ્યોનું ભક્ષ હોત તો 'જીવો જીવસ્ય ભોજનમ્' શા માટે ના લખત ? વળી મનુષ્યનો ખોરાક અન્ન છે કારણકે તેને પકાવવા વિગેરેના મનુષ્યને સાધન છે માંસાહારી પશુઓને તેવા સાધન નથી, તેથીજ કુદરતે તેઓને નખ પંજાની બક્ષિસ કરી છે

માંસ તજે તે ત્યારથી, સુ વળી રાવજી ચો'રા ન ખાય, સા.
હજરતઅલી સાહેબ જે, સુ ચોથા ખલીફા કહેવાય સાં ૯
મીઅરો મહા મૃત્યનો કહ્યો, સુ એ કબુલ કરો ફરમાન સા
પશુ-પક્ષીની પેટમા, સુ તુ કબર ન કરીશ સુજાણ સા ૧૦
ગરીબ ગુલામ સબક્તગિન[1], સુ કરે શિકારે નિર્વાહ, સા
મૃગલીબાળ દયા થકી, સુ કર્યો અલ્લાએ બાદશાહ. સા ૧૧
ઇત્યાદિક બહુ લેખ છે, સુ. વળી કુરાનમા ફરમાન, સા
પશુ વધથી ઇદ ના ઘટે, સુ ધારો ભાઈ મુસલમાન સા ૧૨

બેડાબાઈ બૂડતો તારોરે, અબે આઈ—એ રાગ.

અરે! કળિકાળે શુ તરીએરે, દયા ગઈ બારે દરીએરે,
ધર્મના બ્હાને ધતીંગ ચલાવે, દયા તજી કરે પાપ,
શાસ્ત્રના અર્થ અનર્થ કરે કોઈ, કોણ મારે ખરી છાપ? અરે ૧

૧ સુલતાન મહમદનો બાપ સબક્તગિન એક ગરીબ ગુલામ હતો, પોતાનો નિર્વાહ માત્ર શિકાર ઉપર ચલાવતો, એક દિવસ એક હરિણી નાના બચ્ચા સાથે ચરતી હતી, તેના ઉપર તે ધસ્યો, હરિણી નાઠી, પણ બચ્ચાથી નસાયુ નહિ, તેને પકડી ઘોડા ઉપર નાખી શહેર ભણી ચાલ્યો હરિણી પોતાના બચ્ચાના સ્નેહથી જાણે તેની દયા માગતી હોય, તે પ્રમાણે મોતની દરકાર રાખ્યા વિના તેની પાછળ ચાલી તેને જોઈ સબક્તગિનને દયા આવી તેથી બચ્ચાંને હરિણી તરફ છોડી મૂક્યુ બચ્ચુ સહીસલામત જોઈ હરિણીએ આકાશ તરફ ઉંચુ મુખ કરી પરમેશ્વરની મદદગી કરી સબક્તગિન ખાલી હાથે ઘેર ગયો એજ રાત્રે હજરત પેગંબરે તેને સ્વપ્નમા કહ્યુ કે "ખુદાતાલા" હરિણી ઉપર તે દયા કર્યાથી તારા ઉપર પ્રસન્ન થયા છે તેથી તને રાજ્યની બક્ષિસ કરે છે માટે જેવી રીતે તે અવાચક પ્રાણીની દયા કરી છે, તેવીજ રીતે બધા પ્રાણી ઉપર તું દયા રાખજે (પારસાઈ રાજનીતિ)

સ્વેચ્છાએ ચાલવુ ખાવું ને પીવુ, હોટેલો માહ્ય વિશેષ,
ફેશિનની શીશિયારીમા ફરવુ, મોજમજામા હમેશ અરે ૨
રહેવુ સ્વતન્ત્ર વડીલોથી ને લેવી, નાટકશાળાની સેટ,
ભક્ષાભક્ષ ભખે શુકની પરે, ગટર ગણી નિજ પેટ અરે ૩
નામ સુધારાના એવા જમાનામા, ક્યા રહ્યો ધર્માચાર ?
ધર્મ ને ધર્મગુરૂનો ન અકુશ, માથે રહ્યો તલભાર અરે ૪
ધુમધામે ધમાધમ મચી કેવો, ચાલ્યો[1] ગાડરીઓ પ્રવાહ
પરમારથ તત્વાર્થ ન જાણે, ચાલે છિ અવળે[2] રાહ અરે ૫
પથમા પથીએ કોઈક કારણ, ઈટો ચઢાવી બે ચાર,
દેખાદેખી જતા વળતા પથીઓએ, કીધો ઈટોનો અબાર અરે ૬
આર્ય છતા દયા દીલમા ન આણે, સાધે છે સ્વાર્થનો જોગ,
દાદ સુણે નહિ રાક પશુની, આપે બિચારાનો ભોગ અરે ૭
ધર્મશાસ્ત્રની આજ્ઞા ઉલઘીને, મન ગમતો કરે અર્થ,
તો ઈશ્રિઓ ને પારસી આદિનો, દોષ શો કાહાડીએ વ્યર્થ ? અરે ૮
જરથોસ્તી અને **ખ્રીસ્ત** ધર્મે, દાખી દયાની વાત,
આધારો લખતા પાર ન આવે, શેષ કહુ અવદાત અરે ૯
[3]**જરથોસ્તી** ધર્મે કહ્યુ પ્રાણીને, ઈડા ન મારીએ ભાઈ,
માસ ન ખાવુ શિકાર ન કરવો, એવી છે સખત મનાઇ અરે ૧૦
[4]**ઈજિસ્નેના** બત્રીશમા "હા" મા, ચોપગાને મારે જેહ,
માર્યો પ્રાણીના ઘાતકને કહ્યો, હુકમ [5]હોરમજદેનો એહ અરે ૧૧

---

૧ ઘેટાનુ ટોળુ—એકની પાછળ બીજુ ચાલે ૨ રસ્તો ૩ પારસી
૪ શાહનામાના લખનાર કવિ ફિરદોસીએ લખ્યુ છે કે "પશુઓને
માં ખાવા નહિ, ને જનાવરોનો શિકાર કરવો નહિ ૫ પરમેશ્વર

ઇન્જીનેમા [1]અશોજરથોસ્તે, હુકમ કર્યો છે સાફ,
પ્રાણી માત્રનો વધ નહિ કરવો, આપ્યો અદલ ઇન્સાફ અરે ૧૨
[2]જમીઆદયસ્તમા પ્રાણીના તોખમ, ઇંડાનો જે કરે નાશ,
પરમેશ્વરની વિરૂદ્ધ સેતાનના, પક્ષમા તે ગણ્યો ખાસ અરે ૧૩
બાઇબિલ પ્રકરણ વીશ બાવીશમા, ઇસુનો હુકમ છે ખાસ,
પવિત્ર રહેજે તુ હત્યા કરીશ નહિ, ખાઇશ ન પશુનુ માસ અરે ૧૪
જેનીસીસ પહેલામા લખ્યુ છે, ભાજીપાલો ફળ ફૂલ,
એવો ખોરાક ખાજે તું કરીશ નહિ, પ્રાણીના પ્રાણને ટૂલ અરે ૧૫
હુમીયા આઠમા અધ્યાયમા કહ્યું, નહિ ધરૂ વિનતિમા ધ્યાન,
જો પશુ હત્યા કરી તમે કરશો, નિજ હાથ લોહી લુહાણુ અરે ૧૬
ઇત્યાદિક સૌ ધર્મ શાસ્ત્રમા, પશુ વધનો પ્રતિબંધ,
માકળચંદ કહે લ્યો તપાસી, સત્યાસત્ય સબંધ અરે ૧૭

ઉપસહાર અને કવિકથન.

ચોપાઈ ચોતાળી

સુણો જીવદયા પ્રતિપાળ, આ અરજી દયાની દયાળ,
સુખ વાચ્છક છે સૌ પ્રાણી, દુખ વહાલુ ન ખુરી હાની ૧
જીવવુ ઇચ્છે સૌ પ્રાણી, મોત ઇચ્છે ન દુખી અજ્ઞાની,
દેવી ભક્ત ને નિર્દય જાત, કરે યજ્ઞમા પશુનો ઘાત ૨
ઘોર પાપ કરે ધર્મ બહાને, એને સજ્જન અધર્મ માને,
થાય પશુ વધથી રળિયાત, જાણે જમરાજા સાક્ષાત ૩
કરે માસ રૂધિરનો યાગ, તેથી થાય જો પુણ્ય વિભાગ,
તો પાપની શી ગતિ થાશે ? એવા યજ્ઞથી નરકે જવાશે ૪

[1] પારસીઓના પેગંબર [2] (ફકરો ૫૮ મો જુવો)

સ્વેચ્છાએ ચાલવુ ખાવુ ને પીવુ, હોટેલો માહ્ય વિશેષ,
ફેશિનની હોશિયારીમા ફરવુ, મોજમજાતમા હમેશ અરે
રહેવુ સ્વતન્ત્ર વડીલોથી ને લેવી, નાટકશાળાની ભેટ,
ભક્ષાભક્ષ ભખે ભુંડની પરે, ગટર ગણી નિજ પેટ અરે
નામ સુધારાના એવા જમાનામા, ક્યા રહ્યો ધર્માચાર ?
ધર્મ ને ધર્મગુરૂનો ન અંકુશ, માથે રહ્યો તલવાર અરે
ધુમધામે ધમાધમ મચી કેવો, ચાલ્યો[1] ગાડરીઓ પ્રવાહ,
પરમારથ તત્વાર્થ ન જાણે, ચાલે છે અવળે[2] રાહ અરે
પથમા પથીએ કોઈક કારણ, ઈંટો ચઢાવી બે ચાર,
દેખાદેખી જતા વળતા પથીઓએ, કીધો ઈંટોનો અબાર અરે
આર્ય છતા દયા દીલમા ન આણે, સાધે છે સ્વાર્થનો જોગ,
દાદ સુણે નહિ રાંક પશુની, આપે બિચારાનો ભોગ અરે
ધર્મશાસ્ત્રની આજ્ઞા ઉલઘીને, મન ગમતો કરે અર્થ,
તો ઇશ્રેજો ને પારસી આદિનો, દોષ શો કાઢીએ વ્યર્થ ? અરે
જરથોસ્તી અને ખ્રીસ્ત ધર્મે, દાખી દયાની વાત,
આધારો લખતા પાર ન આવે, શેષ કહુ અવદાત અરે
[3]જરથોસ્ની ધર્મે કહ્યુ પ્રાણીને, ઇંડા ન મારીએ ભાઈ,
માસ ન ખાવુ શિકાર ન કરવો, એવી છે સખત મનાઇ અરે ૧
[4]ફિર્દોસીના બનીશમા "હા" મા, ચોપગાને મારે જેહ,
પ્રાણીના ઘાતકને કહ્યો, હુકમ [5]હોરમજદનો એહ અરે ૧'

૧ ઘેટાનુ ટોળુ—એકની પાછળ બીજુ ચાલે ૨ અવળો ૩ પારસી ધર્મે ૪ શાહનામાના લખનાર કવિ ફિર્દોસીએ લખ્યુ છે કે "પશુઓને મારીને ખાવા નહિ ને જનાવરોનો શિકાર કરવો નહિ" ૫ પરમેશ્વર

ઇજરનેમાં [1]અશોજરથોસ્તે, હુકમ કર્યો છે સાફ,
પ્રાણી માત્રનો વધ નહિ કરવો, આપ્યો અદલ ઇન્સાફ અરે ૧૨
[2]જમીઆદયસ્તમા પ્રાણીના તોખમ, ઇંડાનો જે કરે નાશ,
પરમેશ્વરની વિરૂદ્ધ સેતાનના, પક્ષમા તે ગણ્યો ખાસ અરે ૧૩
બાઇબિલ પ્રકરણ વીશ બાવીશમા, ઇસુનો હુકમ છે ખાસ,
પવિત્ર રહેજે તુ હત્યા કરીશ નહિ, ખાઇશ ન પશુનુ માસ અરે ૧૪
જેનીસીસ પહેલામા લખ્યુ છે, ભાજીપાલો ફળ ફૂલ,
એવો ખોરાક ખાજે તુ કરીશ નહિ, પ્રાણીના પ્રાણને ડૂલ અરે ૧૫
હુસીયા આઠમા અધ્યાયમા કહ્યુ, નહિ ધરૂ વિનતિમા ધ્યાન,
જો પશુ હત્યા કરી તમે કરશો, નિજ હાથ લોહી લુહાણ અરે ૧૬
ઇત્યાદિક સૌ ધર્મ શાસ્ત્રમા, પશુ વધનો પ્રતિબધ,
મ્હાકળચદ કહે ટચો તપાસી, સત્યાસત્ય સબધ અરે ૧૭

ઉપસહાર અને કવિકથન.

ચોપાઈ શ્રીતાળી

સુણો જીવદયા પ્રતિપાળ, આ અરજી દયાની દયાળ,
સુખ વાચ્છક છે સૌ પ્રાણી, દુ ખ વહાલુ ન બુરી હાની ૧
જીવવુ ઇચ્છે સૌ પ્રાણી, મોત ઇચ્છે ન દુ ખી અજ્ઞાની,
દેવી ભક્ત ને નિર્દય જાત, કરે યજ્ઞમા પશુનો ઘાત ૨
ઘોર પાપ કરે ધર્મ બહાને, એને સજ્જન અધર્મ માને,
થાય પશુ વધથી રળિયાત, જાણે જમરાજા સાક્ષાત ૩
કરે માસ રૂધિરનો યાગ, તેથી થાય જો પુણ્ય વિભાગ,
તો પાપની શી ગતિ થાશે ? એવા યજ્ઞથી નરકે જવાશે ૪

૧ પારસીઓના પેગબર સાહેબ. ૨ (ફકરો ૫૮ મો જુવો)

સ્વેચ્છાએ ચાલવુ ખાવું ને પીવુ, રાગેલા માહ વિશેષ,
ફેશનની હોશિયારીમા ફરવું, મોજમજામા હમેશ અરે
રહેવુ સ્વતત્ર વડીલોથી ને લેવી, નાટકશાળાની ભેટ,
ભમાભમ ભમે ભુડની પરે, ગટર ગણી નિજ પેટ અરે
નામ સુધારાના એવા જમાનામા, ક્યા રહ્યો ધર્માચાર ?
ધર્મ ને ધર્મગુરૂનો ન અકુશ, માથે રહ્યો તલવાર અરે
ધુમધામે ધમાધમ મચી રહો, ચાલ્યો[1] ગાડરીઓ પ્રવાહ,
પરમારથ તત્વાર્થ ન જાણે, ચાલે છે અવળે[2] રાહ અરે
પથમા પશ્ચીએ કોઈક કારણ, ઇટો ચઢાવી બે ચાર,
દેખાદેખી જતા વળના પથીઓએ, કીધો ઇંટોનો અબાર અરે
આર્ય છતા દયા દીલમા ન આણે, સાધે છે સ્વાર્થનો જોગ,
દાદ સુણે નહિ રાક પશુની, આપે બિચારાનો ભોગ અરે
ધર્મશાસ્ત્રની આજ્ઞા ઉલઘીને, મન ગમતો કરે અર્થ,
તો ઇસુને ને પારસી આદિનો, દોષ શો કાઢાઈએ વ્યર્થ ? અરે
જરથોસ્તી અને પ્રીસ્ત ધર્મે, દાખી દયાની વાત,
આધારો લખતા પાર ન આવે, શેષ કહુ અવદાત અરે
[3]જરથોસ્તી ધર્મે કહ્યું માણીને, ઇંડા ન મારીએ ભાઈ,
માસ ન ખાવુ શિકાર ન કરવો, એવી છે સખત મનાઇ અરે ૧૦
[4]ફિરદોસીના બતીશમા "હા" મા, ચોપગાને માટે જેહ,
મારનો પ્રાણીના ઘાતકને કહ્યો, હુકમ [5]હોરમજદેનો એહ અરે ૧૧

---

૧ ઘેટાનુ ટોળુ—એકની પાછળ બીજું ચાલે ૨ રસ્તો ૩ પારસી ધર્મ ૪ શાહનામાના લખનાર કવિ ફિરદોસીએ લખ્યુ છે કે 'પશુઓને મારીને ખાવા નહિ ને જનાવરોનો શિકાર કરવો નહિ.' ૫ પરમેશ્વર

ઇન્જિલનેમાં [1]અરોાજરથોસ્તે, હુકમ કર્યો છે સાફ,
પ્રાણી માત્રનો વધ નહિ કરવો, આપ્યો અદલ ઇન્સાફ અરે ૧૨
[2]જમીઆદયસ્તમા પ્રાણીના તોખમ, ઈંડાનો જે કરે નાશ,
પરમેશ્વરની વિરૂદ્ધ સેતાનના, પક્ષમા તે ગણ્યો ખાસ અરે ૧૩
બાઈબિલ પ્રકરણ વીશ બાવીશમા, ઇસુનો હુકમ છે ખાસ,
પવિત્ર રહેજે તુ હત્યા કરીશ નહિ, ખાઇશ ન પશુનુ માસ અરે ૧૪
જેનીસીસ પહેલામા લખ્યુ છે, ભાજીપાલો ફળ ફૂલ,
એવો ખોરાક ખાજે તું કરીશ નહિ, પ્રાણીના પ્રાણને ડૂલ અરે ૧૫
હુમીયા આઠમા અધ્યાયમા કહ્યુ, નહિ ધરૂ વિનતિમા ધ્યાન,
જો પશુ હત્યા કરી તમે કરશો, નિજ હાથ લોહી લુહાણ અરે ૧૬
ઇત્યાદિક સૌ ધર્મ શાસ્ત્રમા, પશુ વધનો પ્રતિબંધ,
સાકળચંદ કહે લ્યો તપાસી, સત્યાસત્ય સબંધ અરે ૧૭

ઉપસહાર અને કવિકથન.

ચોપાઈ ત્રીતાળી

સુણો જીવદયા પ્રતિપાળ, આ અરજી દયાની દયાળ,
સુખ વાચ્છક છે સૌ પ્રાણી, દુ ખ વહાલુ ન બુરી હાની ૧
જીવવુ ઇચ્છે સૌ પ્રાણી, મોત ઇચ્છે ન દુ ખી અજ્ઞાની,
દેવી ભક્ત ને નિર્દય જાત, કરે યજ્ઞમા પશુનો ઘાત ૨
ઘોર પાપ કરે ધર્મ બહાને, એને ગજ્જન અધર્મ માને,
થાય પશુ વધથી રળિયાત, જાણે જમરાજ સાક્ષાત ૩
કરે માસ રૂધિરનો યાગ, તેથી થાય જો પુણ્ય વિભાગ,
તો પાપની શી ગતિ થાશે ? એવા યજ્ઞથી નરકે જવાશે ૪

૧ પારસીઓના પેગંબર સાહેબ. ૨ (ફકરો ૫૮ મો જુવો)

ચાર વર્ણમાં ઉત્તમ જાત, બ્રાહ્મણ જગમાં પ્રખ્યાત,
"અમે બ્રહ્માના મુખથી ઉદ્ધરીયા, ઋષિપુત્ર અમે ગુણદરીઆ"
"દઈ દક્ષણા લાડુ જમાડે, જાય વૈકુંઠ આવે ન આડે,"
એવો દાવો આવમ પર રાખે, અર્થ વેદનો વિપરીત ભાખે
તત્વાર્થ ન પૂરો વિચારે, અજ યજ્ઞમાં હોમવા ધારે,
પણ અજનો અર્થ છે એવો, જેનો જન્મ ફરી નહિ તેવો
ત્રણ વર્ષનું વરી જે હોય, જેને વાવતા ઉગે ન સોય,
તે અજશબ્દે ઓળખાય, નહિ જન્મ તે અજ કહેવાય
એવું વરી અજ નામથી રોમે, પણ છાગ ન યાગમાં હોમે,
જેને વાવતા ઉગે જે ધાન્ય, તે હોમવું શાસ્ત્રે અમાન્ય
બીજ ઉત્પાદક પશુ જાત, ઘરે યજ્ઞ મિષે કેમ ઘાત?
અથવા અજ ઈંદ્રિયો કહીએ, વશ કરવાની આહુતિ દેઇએ ૧૦
ક્રૂરવૃત્તિ પશુ કાબુમાં રાખો, પશુ જાતિથી વૈર ન દાખો,
બ્રહ્મ જાણે તે બ્રાહ્મણરાય, બ્રહ્મના સૌ જીવ સમાય ૧૧
તો સૌ જીવ પર સમભાવ, રાખો નિજ સમ પરમાં ભાવ,
દયા યજ્ઞમાં સત્યનો સ્તંભ, જ્ઞાનકુંડ રચો અવિલંબ ૧૨
કર્મ કાષ્ટ તપાગ્નિ જલાવો, રોમી કષાય સમતા લાવો,
એવો ધર્મયજ્ઞ મન સ્થાપો, હિંસાને જલાંજલી આપો ૧૩
ક્રૂરવૃત્તિને દો દેશવટો, આર્ય ધર્મને લાગે ન બટો,
દયા ધર્મનો દાવો ધરાવો, છો બ્રાહ્મણ કરૂણા લાવો ૧૪
નથી અમરપટો કોઇ લાવ્યો, ફરી પાપ ન કોઇએ ફાવ્યો,
હાથે કરતા નથી દ્વિજ પાપ, ઉપદેશ ન દો એવો આપ ૧૫

સુદ લોહીના તિલક કરે છે, શેપ વહેચીને પેટ ભરે છે,
દેવી ભોગ જો પશુનો માગે, છુટો ડાગ મૂકો દેવી આગે ૧૬
દેવી માગીને ભક્ષણ કરશે, અથવા ચૂશી લેશે તો મગશે,
પણ જીવતો જો પશુ આવે, તો દેવીને ભોગ ન ભાવે ૧૭
દેવી જગત્‌ની માતા કહાવે, પ્રાણી માત્ર પુત્ર તસ થાવે,
માની નજરે થાય સુત ઘાત, નહિ કોપે તો નિર્દય માત ૧૮
દેવી માસ રૂધિર નહિ ખાય, દોપ દેવીને દેતા અન્યાય,
કહો વાસનાના ભૂખ્યા દેવ, વાસ કતલખાનામા સ્વમેવ ૧૯
હાડ માસ રૂધિર જ્યા રેડાય, તે તો અપવિત્ર ધામ ગણાય,
એવા અપવિત્ર ધામ નિવાસી, દેવ દેવાયતન જાય નાસી ૨૦
તેની દતકથા એક જાણો, વૃદ્ધ પુરૂપ પરપરા માનો,
“પૂર્વે જગદમ્બાનો વાસ, સિધ નગરઠઠ્ઠામા નિવાસ” ૨૧
“હાતા રાણાના પૂર્વજ આજ, હતા નગરઠઠ્ઠાના રાજા,”
“યવનોએ નગર લૂટી લીધુ, પછી કામ ત્યા કૂડુ કીધુ” ૨૨
“નાખ્યા કૂવામા હાડ ને ચામ, કર્યું અપવિત્ર રૂધિરથી ધામ,”
“તજી અપવિત્ર ધામ અબાજી, આવ્યા પવિત્ર આરાસુરે માજી” ૨૩
એવા માત પવિત્રની સામે, પશુ વધ ન ઘટે દેવી ધામે,
હાડ માસ રૂધિરનુ ન કામ, થાય અપવિત્ર દેવીનુ ધામ. ૨૪
ક્રૂર પશુ વધથી ના અબાજી, થાય ભક્ત ઉપર નારાજી,
પુષ્પ ધુપાદિ પૂજા પ્રતાપે, માજી મો માગ્યુ ફળ આપે ૨૫
પણ દેવી બહાને ખોટુ કરવુ, હાથે હત્યા કરી પેટ ભરવુ,
અહા ! કળી નિર્દય થઈ બેઠો, આર્ય ધર્મ પાતાળે પેઠો ૨૬

કવિકથન.

વ્હાલા વેગ આવોરે, દયા દીલ લાવોરે, ભીડ મારી-એ રાગ
વારૂ મારા વીરારે, દયા ધર્મે ધીરારે, હિંસા ન કરો પ્રાણીની-હોજી
પરને પિડતા આપણા પ્રાણ પિડાય હિંસા ટેક
    પશુપર ભાર ભરે અતી, નિરે ન પાણી ચાર,
    રીબવી મારે ઘાતકી, તે રાક્ષસ અવતાર
નિર્દય મૂકે ઢોર રખડતા લે હાય હિંસા ૧
    પશુ-પખીને માનવી, પ્રભુની પ્રજા સમાન,
    એક પિડે બીજી પ્રજા, તોડે પ્રભુ ફરમાન
પ્રાણ પશુના માણસથી ન હણાય હિંસા ૨
    આશા તૃષ્ણા આઉખુ, સૌને વ્હાલા હોય,
    સરખો હક્ક જીદગી તણો, છીનવી શકે ન કોય
જે સરજે તે પ્રાણ હરે એ ન્યાય હિંસા ૩
    હરે ફરે ચારો ચરે, કરે ધણીનુ કામ,
    નિરઅપરાધીને હણે, તેના રૂઠ્યા રામ
માખ પાખ પગ કીડીનો નરથી ન થાય હિંસા ૪
    શરણું તરણું મુખ લહે, શસ્ત્ર ન રાખે પાસ,
    અવધ્ય શત્રુ છતા કહ્યો, ક્ષત્રીધર્મે છે ખાસ
નિર્બળ અશરણ પશુડા તરણા ખાય હિંસા ૫
    માસ અર્થ મનુએ કર્યો, "મા" મને "સ" તે ખાસ,
    મને ખાય તેનુજ હુ, ખાઇશ નિશ્ચે માસ
અન્ન ફળ ભાજીપાલાથી પેટ ભરાય હિંસા ૬

માંસાહારી કહે પ્રાણીના, અમે ન લેઈએ પ્રાણ,
માંસ કસાઈને ઘેરથી, જઈ લેઈએ વેચાણ
તો અમને શું હત્યાનું પાપ ગણાય ? હિંસા ૭
પશુ દે મત, મારે, અને, કડકા, કરે ઉલટ,
વેચે, લે, રાંધે, વહે, ખાય, ઘાતકી આઠ
મનુ મહારાજે મનુસ્મૃતિમાં કહ્યો ન્યાય હિંસા ૮
વિચાર બળ બુદ્ધિ વિષે, માણુસ જાત શ્રીકાર,
પ્રાણીનો વધ પરહરો, તજો માંસનો અહાર
કહે મોકળચંદ પ્રાણીને કરજ્યો પસાય હિંસા ૯

રાગ મરશીયો.

હાય ! હાયરે મારે પશુને હત્યારા, માંસ માટે લે પ્રાણ એના પ્યારારે,
હાય ! હાયરે મારે પશુને હત્યારા ટેક
પશુ રાજા પ્રજાનો ખજાનો, આલમનો એ આબો મજાનો,
ફળ દહીં દૂધ ઘીના દે દાનોરે હાય ૧
પાપી ફળરૂપ પશુઓને કાપે, પશુ વિના પિડાય દેશ પાપે,
દક્ષ વૃક્ષ રાખીને ફળ માપેરે હાય ૨
ભ્રમર માલતી મકરંદ ચુંને, પુષ્પ પિડે ન પડ નિજ તેપે,
પશુ પાળી સુજાણ દેહ ઓપેરે હાય ૩
દુનીયાની દોલત ગાય માતા, એના પુત્રો ખરા અન્નદાતા,
કરી ખેતી આપે સુખ શાતારે હાય ૪
કરે ખાતર ખેડ જળ ઝીલી, કણ કાઢે કણુસલા પીલી,
ભરે ગાડીઓ ભાર વહી લીલીરે હાય ૫
એવા જગ પ્રતિપાલક પોરી, એની જન્મદાતા ગાય ગોરી,
એને મૂકે કસાઈ ન કોરીરે હાય ૬

પશુ માત્ર તરશ ભૂખ સહેતા, સાત્વિક મલાઇ ઘી દેતા,
ટાઢ વેઠીને દે ઊન ઘેટારે હાય
એને મારે તો માથુ ધરે છે, હાથ ઝાલે ન રાક ડરે છે,
હાય ! નાખી નિશ્વાસે ઝુરે છેરે હાય
ભાજીપાલો ને અનફળ જાણો, દહીં દૂધ મલાઇ ઘી માનો,
સાદો સ્વચ્છ ખોરાક મજાનોરે હાય
એમા પોષણ તત્વ છે સારૂ, માસ દુર્ગંધમય છે નઠારૂ,
રોગ રક્તપિતાદિ કરનારૂરે હાય ૧

તનદુરસ્તીના તત્વ માસે, નથી ડૉક્ટર કહે છે ઉલ્લાસે,
અન્ન ખોરાક કુદરતી ભાસેરે હાય
અજે મડદુ આવે ગધ જેની, માસ શુજતા બદબો તેવી,
ઓકાવે ખાધુ ધાન એવીરે હાય

જાય સડામમા માસાહારી, બદબોથી કરે છે ઓકારી,
નાક આડુ ધરે વસ્ત્ર ભારીરે હાય
મળમૂત્ર વિષ્ટા ભરનારૂ, ગુરદાના થઇને વહેનારૂ,
એવુ માસ ભખો ન નઠારૂરે હાય
અન્ન ફળો મેવાને મીઠાઈ, મળે માસથી સોધા ભાઇ,
સ્વચ્છ સ્વાદિષ્ટ ને સુગધાઇરે હાય
ગીધ સ્વાન વાયસને પ્યારો, મલીન માસનો દુર્ગંધી ચારો,
નથી અહાર માણસનો એ સારોરે હાય
વિવેકી વીરા પશુ પાળો, તજી માસ ભખો ભાજીપાલો,
નેક ટેકે સાકળચદ ચાલોરે. હાય

અલબેલીરે અબેમાત જોવાને જઇએ—એ રાગ.

જીવદયા ધર્મનુ મૂળ, હિંસા નવ કરીએ,
હિંસાથી પ્રભુ પ્રતિકુળ, પાતક પરહરીએ ટેક
જેવો જીવ આપણુને વહાલો, વહાલો સૌને તેવોરે,
નિરઅપરાધી પશુનો ઘાતક, પ્રત્યક્ષ રાક્ષસ જેવો હિંસા ૧
દેવીને બહાને બળી આપે, પાડાને ઘેટાનોરે,
પણુ દેવી રીઝવવાને કોઈ, ભોગ ન દે બેટાનો હિંસા ૨
સહેજ શરીરમા કાંટો વાગે, અરે બાપ ઉચ્ચરીએરે,
કદી અચાનક જખમ થાય તો, ઝુરી ઝુરી મરીએ હિંસા ૩
પ્રાણીને હણુતા ઘાતકને, શસ્ત્ર શરીરમા વાગેરે,
તિમ વેદનાથી દીલ કંપે, ફુટે રડે બહુ રાગે હિંસા ૪
દહીં દૂધ ઘીના ઝાડ પશુ છે, જે આપણુને પાળેરે,
એવા ઉપકારીને હણુતા, અરે! હાથ કેમ ચાલે ? હિંસા ૫
પુત્ર કલત્ર નિમિત્ત કોઇ બાધા, પશુના બળીની રાખેરે,
પશુ વધથી કદી પુત્ર ન જીવે, પાપ તણા ફળ ચાખે હિંસા ૬
કળિયુગમા પશુનુ બળી ન ઘટે, કોપે દેવી કુઠાઠેરે,
શ્રીફળ કોળાદિકને હોમો, ભાખ્યુ **ચંડીપાઠે** હિંસા ૭
પર પોતામા ભેદ ન રાખો, જીવ સર્વનો સરખોરે,
જે દુ:ખ વેદે જીવ આપણો, તે દુ:ખ પરને પરખો હિંસા ૮
પણુ દુનિયાનો અવળો ધારો, પર પિડા ન વિચારેરે,
સતી બળતી પોકાર કરે જન, જે અબે ઉચ્ચારે હિંસા ૯
ખસી પડે કે કોઈને વાગે, પ્રેક્ષક હસી હસી રાચેરે,
રાંક બિચારો મરે દેડકો, કાગ કૂદે ને નાચે હિંસા ૧૦
પર ઘર વહાર મિષે જઈ લૂટેરે,

પણ પોતાનુ ઘર સળગે તો, છાતી માથુ કૂટે હિંસા ૧
હિંસાનુ મૂળ ને ફળ કડવા, કોપે દૈવ કરાળરે,
હસતા બાંધે રોતા ન છૂટે, ભોગવવા નિરધાર હિંસા ૧
નિર્દય કોઇકે એક ઉંદરડી, બોળી ઉના જળમાંરે,
તરફડતી દેખી તે રીઝયો, પ્રાણ તજ્યો એક પળમા હિંસા ૧
ભાવીભાવે બે ત્રણ દિવસે, પુત્ર મુયો તસ ચ્યાગેરે,
છાતી કૂટે ને શીર પીટે, રડતા ન રહે વાર્યો હિંસા ૧
સત પુરૂષ તે વેળા તેને, હિતશિક્ષા દેઈ તોરેરે,
ઉંદરડીના માત પિતાને, કેતુ દુખ થયુ હોશે હિંસા ૧
પાપ તણું ફળ પ્રત્યક્ષ ભાળી, ઓટયો મુખ સભાળીરે,
હણું હણાવુ નહિ કોઈ જીવને, હવે ગાઢ મે વાળી હિંસા ૧
આપ વીતી એમ જાણે જ્યારે, પ્રકટે નિજ પર ભાનરે,
માકુળચદ સકળ પ્રાણીમા, સરખા જીવ સમાન હિંસા ૧

અત્યમગળ—હરિગીત છદ

જય જગત જનની દયાદેવી અધમજન ઉદ્ધારિણી,
જય જગત જનમન રજની ભયભજની ભવ હારિણી,
જય પ્રાણીની તુ પ્રાણદાતા માત શાતા કારિણી,
જય ભક્તવત્સલ ભગવતી ભવ ભ્રમણ ભાવટ વારિણી ૧
સદ્ધર્મ ભગિની સૌમ્યવદની શ્રીમની સૌથી સતી,
જય પતિત પાવન કારિણી પરમેશ્વરી જગ શાશ્વતી,
જય શિષ્ટજનની ઇષ્ટ દેવી સેવના દે શુભગતી,
જય જય જગત જન મન વશી મહાદેવી દે કારૂણ્ય મતી ૨

સમાપ્ત.

સમાલોચના

સુજ્ઞ વાચકવૃંદ ! તમે અવાચક મુગા પશુ અને પખીઓનો પોકાર વાચ્યો, તે ઉપરથી તેઓ કેટલા બધા ઉપયોગી, નિમકહલાલ, ભલા અને પરોપકારી છે, તેનો સ્હેજ ખ્યાલ તમોને આવ્યો હશે એવા નિરઅપરાધી પ્રાણીઓનો **ખોરાકને માટે** તથા **ધર્મના બ્હાને** નાશ કરવામાં આવે તો તે તદ્દન ગેરવાજબી છે, આપણો મુખ્ય ખોરાક વનસ્પતી નો તેમજ દૂધ અને તેથી ઉત્પન્ન થતા દહીં, ઘી મલાઇ અને છાશ વિગેરેનો છે, તેમા આપણી શારીરિક પુષ્ટિના તત્ત્વોનો સમાસ માંસ કરતા વિશેષ પ્રકારે સમાયેલો છે, તેમ છતા જેઓ માસનો ખોરાક ખાય છે, તે કેવળ નુકસાનકારક છે, કારણ કે માસને માટે પ્રાણીઓની હિંસા કરવી કરાવવી પડે છે તેથી પ્રાણીઓનુ તેમજ આપણુ અહિત થાય છે વનસ્પતિ ખોરાક ખાવામા આપણું અને પ્રાણીઓનુ અહિત થતું નથી કેમકે મનુષ્યનો કુદરતી ખોરાક વનસ્પતિનોજ છે

માસ ખાનારાઓને **શાક-ભાજીપાલા** વગર ચાલતુ નથી. તેઓને ડૉક્ટર ફરમાવે છે કે **માસની સાથે ભાજીપાલો** નહિ ખાવાથી "**સ્કરવી**" એટલે રક્તપિત્ત જેવુ એક ભયકર દરદ થાય છે, કેમકે માસમા "**સ્ટાર્ચ-સુગર**" નામના અગત્યના તત્ત્વો નથી આ ઉપરથી સિદ્ધ થાય છે કે કુદરતની નેમ મનુષ્યને માસના ખોરાક ઉપર ઉધારવાની નથી **વનસ્પતિ ખોરાક** વાળાને માસ વગર સહેલાઇથી જીવી શકાય છે, ત્યારે **માસના ખોરાક** વાળાને **વનસ્પતિ ખોરાક** શિવાય જીવી શકાતુ નથી, તેથી સમજાય છે કે વનસ્પતિ ખોરાક જેનો સનામતી ભરેલો છે, તેવો સનામતી ભરેલો માસનો ખોરાક નથી માસના ખોરાકમા એવા કોઇ પણ તત્ત્વો નથી કે જે તત્ત્વો વનસ્પતિ ખોરાકમાં મળી આવતા નથી, પણ ઉલટા વધારે આવ

[illegible]

[illegible] સમીપોએ વિચાર કરવાનો છે

[illegible] ઉપયોગ કરે છે [illegible] મનુષ્યમાં તેમજ [illegible] પણ તેમાં [illegible] હોવાથી [illegible]

વાપરવી પડે તેથી વધારે અક્કલ વાપરી શકતા નથી, પણ દરેક પ્રાણીને મરણનો ભય તો મોટામા મોટોજ છે, તો પછી તેમને મરણનો ભય અને પિડા કેમ થતા નહિ હોય? શુ કોઈ પશુને લાકડીનો પ્રહાર કરવા જતા તે ભયભીત થતું નથી? શુ પક્ષીઓ બદુકોના ભડાકા સાંભળી ત્રાસ પામતા નથી? શુ કોઇ બિલાડીને દેખીને ચકલા વિગેરે નાના પક્ષીઓ ચે–ચી–કરી દયામણો દેખાવ કરતા નથી? એ પ્રમાણે માત્ર સાભળવા કે દેખવાથીજ ભય ઉત્પન થાય છે, તો કોઈ પશુને પકડીને કતલખાનામાં છરી કે છરા આગળ લેઈ જતા તેના સમજવામા નાહ આવતું હોય કે અરેરે! આ મને મારવા લેઇ જાય છે?

ઘણી વખત એક પશુ બીજા પ્રાણીને કતલ કરતાં જૂએ છે, ત્યારે કસાઇ તેને ગમે તેમ ઘસડે છે, તો પણ તે ત્યા જતું નથી, ત્યા તેની મરજી વિરૂદ્ધ ઘસડીને લેઈ જઈ તેના ટાંગીઆ બાંધી ઉથલાવીને પાડી નાખે છે, અને તેના ચારે પગ ઉપર કસાઇઓ પગ મૂકે છે, ત્યારે લાચાર થઈ! શુ તે કતલ કરવાની બૂરી મતલબ સમજી હાય પોકારતું નહિ હોય? અલબત્ત તે પરાધિન રાક મોટે સાદે આરડીને આક્રદ કરી મૂકે છે, ને ટાંગીઆ પણ પછાડે છે પણ કસાઈનું હૃદય રોજના પાપી કામથી કઠોર અને નિર્દય થઈ ગએલું હોય છે તેથી તેની તેમને કરૂણા કે દરકાર રહેતી નથી જો પશુઓમા આણસ સમજે તેવી વાચા હોતતો તેઓ કાલાવાલાં કરીને પણ મોતના પ઼ઝામાથી છુટવાને બનતા પ્રયત્નો કરત–પરતુ માંસના લાલચુ માણસો પશુઓના અવાચકપણાનો ગેરવાજબી લાભ લેઈ તેના ગળે છરી ફેરવી તેને આરીયા–કુરીયાંની પેઠે કાપી નાખે છે આ વેળાએ બિચારૂં રાક–નિરાપરાધી પ્રાણી કારી ગણી વેદના ભોગવે છે, અને મરણના સમયે છેવટના ઉપાય તરિકે હાય! નાખે છે કે–" હે અધમ પાપી દુરાત્મા! તારા હાલ મારા જેવા થજો તારૂ સત્યાનાશ જજો! અને તને જીવતા કીડા પડજો "!!

" મહાત્મા તુલસીદાસે કહ્યુ છે કે "—

"તુમ શી હાય ગરિબકી, કબુ ન ખાલી જાય,"
"મૂવા ઢોર કે ચામસે, લોહ ભસ્મ હો જાય"

એજ પ્રમાણે બિચારા નિર્દોષ પક્ષીઓ મધુર સ્વરથી આલાપ કરી-કલ્લોલ કરતાં ગગનમાં વિચરે છે તેઓ જમીનમાં ભીડ કરતા નથી, અને કોઈનું કાંઈ ખાતાં પણ નથી, છતાં જરા વિશ્રામને માટે ઝાડપર આવીને બેસે કે તરતજ બંદુકની ગોળી મારીને કે ગલોલ ફેંકીને હેઠા પાડે છે, ત્યારે તેઓ પગો ફફડાવી અસહ્ય વેદનાથી તરફડીયાં કરે છે. આ જોઈ શિકારીઓને મન તમાશો થાય છે અરેરે! કેવી અધમતા? હાડીયાને મન રમતું ને દેડકાનો પ્રાણ જાય!!

અફસોસ અફસોસ! આવા ગરીબ પ્રાણીઓના વધ્ધામાં વગરના પ્રાણ લેતા નિર્દય માણસોના હાથ કેમ ધ્રુજતા નહિ હોય? તેમનું કઠણ હૃદય માંસનો અપવિત્ર ખોરાક લેવામાં મજા માની તેમના હોઠને લોહીથી ખરડતાં કેમ શરમાતું નહિ હોય! જ્યારે તેમને હડકાયું કુતરું કરડવા આવે છે વાઘ-વરૂ ફાડી ખાવા આવે છે તથા સાપ ડંખવા આવે છે, ત્યારે તો તેમના હાડ મુઠ્ઠી ઢીલા નરમ થઈ જાય છે પણ આવાં અનાથ-રાંક પ્રાણીના જીવ લેતાં તેમને જરી પણ દયા આવતી નથી શું તેઓ પોતાનો ઇન્સાફ પોતે નહિ કરતા હોય? પોતાના શરીરમાં સહેજ વ્યાધી થાય કે તાવ આવે ત્યારે તો બાપના બાપ પોકારે છે! અને બાપડા પ્રાણીના જીવ જુદા કરતાં વખતની બુમો ઉપર તો બિલકુલ ધ્યાન આપતાજ નથી શી ગજબની વાત! સુજ્ઞ માણસો! જરા વિચાર તો કરો કે આજ પ્રમાણે કોઈ પ્રાણી તમારા પ્રાણ લે તો તમને કેટલું બધું દુઃખ થાય!! જે હથીઆરથી પશુને મારો છો તેની માત્ર અણી જરા શરીરમાં ભોંકી જુઓ. અનુભવ થશે કે કેવી વેદના થાય છે?

દરેક પ્રાણીને જીવતરથી અધિક વહાલી ચીજ દુનીયામાં બીજી

એક પણ નથી એક મરણા બુઢાને અને દુખી હાલતની ડોશીને પણ મરણ અપ્રિય છે દાખલા તરિકે કોઈ દુખી ડોશી અશક્ત થઈ મરણની પથારીમા પડી હોય તેની પથારીમાં સાપ આવે કે તરતજ તે-" બાપરે બાધી ! " એમ બોલી ચમકીને નાસવા માંડે છે અહો ! મરણનો ભય કેવો છે ! મરણ સમે પ્રાણીઓને કપ તથા ઉગ્ર વેદના થાય છે અધકાર વ્યાપે છે ગમગીન થવાય છે અને સ્વજનોમા સ્નેહ રહેલો હોય છે, તેનો વિયોગ થાય છે, તેથી દરેક પ્રાણીને જીવનાની ઘણીજ હોશ હોય છે

એ વિગેરે કારણોથી દરેક પ્રાણીને મરણ ઘણુંજ અપ્રિય હોય છે તેમ છતા અરે હિંસક મનુષ્યો ! તમે તમારા પાપી પેટને માટે અથવા ભોગ સ્વાર્થની કે શોખની ખાતર પ્રાણીઓની હિંસા કરી તેમને તેમના જીવતરથી ચૂકાવો છો ! તેમના બાલબચ્ચાથી વિખુટા પાડો છો નર અને માતાઓનો વિયોગ કરાવો છો, ગાભણીઓના ગભ પાડી નાખો છો અરે ! તેમની માતાઓને મારીને તેમના ધાવના નાના બચ્ચાઓને પોતાની માતા દૂર વિના રીબાવો છો બિચારા બુલબુલ મા, વગર રડીને મરી જાય છે, અરે ! સમજ શક્તિના ખાતર તમને તમારા બચ્ચા કેવા પ્યારા છે જરા ઇન્સાફ તો કરો !

પશુઓ આપણને દૂધ, મલાઇ, માવો, દહી, છાશ, માખણ, અને ઘીનો પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ખોરાક આપે છે ગરમ કપડા માટે ઊન આપે છે દવા તથા ખાતર બનાવવાને મૂત્ર આપે છે ઘર લીંપવાને બળતણ કરવાને, રાખ બનાવવાને તથા ખાતર કરવાને છાણ આપે છે ખેતર અને વાડીઓ ખેડી આપે છે કુવામાથી પાણી કાઢે છે કણસલામાથી અનાજ છુટું પાડી આપી ગાડા ખેંચી આપી કોઠીઓ ભરી જાય છે અને જીવતા સુધી પુર્ણ ચાકરી કરી મૂવા પછી પણ બદલો વાળે છે ઉંચા ડુંગરો ઉપર સપાટ મેદાનમાથી બકરાંઓ

હજારો મણ માલ લાવ લેઇ જા કરે છે અને ઊંટ પણ સુખ ન મ
વળી માત્ર લીનરો ખાઇ તેનીના વિશાળ ગજુમા માણુમા અને માણની
સાર લેઇ જા કરે છે

તેઓ આખો દિવસ વૈતરૂં કરે છે, અને મિત્રની અથવા સાગની
માફક આપણા ઉપર પૂર્ણ પ્રેમ અને વિશ્વાસ રાખે છે તેવા વિશ્વા
સુનો વિશ્વાસઘાત કરી જાનથી ખેતન કરવા એ ગરા પાપ
કામ છે તેઓ જગતમા પકડા વિનેગનો ચારો ચરી આપણુને અમૃત
સમાન દુધનો ખોરાક આપવા વખતસર આવી પોતાના મથ
ઉભા રહે છે

વળી ગાય જેવુ પ્રાણી જે દુનિયની અપૂર્ટ દોલત ગણાય છે
તે જગતનુ જીવનતત્વ છે તેના પુત્રો બળદો, જગત્ પ્રતિપાલકો
ગણાય છે બળદો સિવાય ખેતી થઇ શકતી નથી અને ખેતી વિના
અનાજ થતું નથી વળી અનાજ સિવાય મનુષ્યો જીવી શક્તા નથી
કદી કોઇ એમ સવાલ કરશે કે-યાંત્રિક શક્તિથી ક્યા ખેતી થઇ શકતી નથી?
આનો જવાબ જેઓને તેવી યાંત્રિક શક્તિથી અને ગમે તે પ્રકારથી
ખેતી કરી, પણ બળદોથી જેવી ખેતી થાય છે, તેવી ખેતી કશાથી
થઇ શકતી નથી તેમ છતા દરેક વર્ષે આ ભારતવર્ષ જેવા પવિત્ર
દેશમા હિંદુઓની પવિત્ર ગણાતી ગાયમાતાની ભારે કતલ થાય
છે અહા શી ગજબની વાત! દિન પ્રતિદિન આવા ઉપયોગી પ્રાણીનો
નાશ થવાથી આપણે નાશની નજદિક આવતા જઇએ છીએ જે બળદો
સ૫ રનો મળતા તેના સો બસો રૂપૈઆ બેસે છે જેથી ત્રણ શેર ચાર
શેરનું મળતું તે સવા શેર દોઢ શેરનું અને જે દૂધ ચાર પાઇનું શેર
મળતું તે ૭ દોઢીએ શેર મળે છે આથી આપણી બીજી વધારે શી
અધમ અવસ્થા?! 'વિદ્વાનોની ગણત્રી મુજબ હિંદુસ્તાનમાં દર વર્ષે
એક લાખ ગાયોનો વધ થાય છે અને તેથી તેના પાચ પેઢીના

હિસાબે તેની ઉત્પન્નની ઉપજના ત્રીશ ખર્વ, પચોતેર અબ્બજ, બાણુ ક્રોડ, અને પચ્ચાશ લાખ રૂપીઆનું નુકશાન હિન્દુસ્થાનને થાય છે" આથી આપણો આર્યદેશ પાયમાલ થઈ જશે માટે શ્રી સરકારને અરજ કરી આ દેશમાંથી ગાયોનો વધ બંધ કરાવવાનો કાયદો પસાર કરાવવો જોઈએ

પશુઓ જીવતા હોય છે, ત્યારે આટલા બધા ઉપયોગી હોય છે અને મૂવા પછી પણ પોતાનું ઉપયોગિપણું ચાલુ રાખે છે તેઓ ચામડા આપીને આપણા પગ ઢાંકે છે ખેતોને માટે કોસ, વરત, નાડી વિગેરે સામાન પૂરો પાડે છે વળી હાડકા ખરી, અને શીંગડા આપી આપણા ખેતરો અને કારખાનાઓમાં મદદ કરે છે એ પ્રમાણે પશુઓ ઉપર આપણા સુખ અને વૈભવો રહેલા છે પશુઓ ઘટવાથી આપણા સુખ અને વૈભવનો સ્વાભાવિક નાશ થવાનોજ!! પણ એવા ઉપયોગી પશુઓના શરીરમાં માણસના જીવ જેવોજ જીવ રહેલો છે, તેનું તથા માસનો ખોરાક રોગિષ્ટ અને નુકશાનકારક છે, તેનું માંસાહારીને બિલકુલ ભાન રહેતું નથી, પણ માંસ ખાવાથી નીચે મુજબ રોગ થાય છે, તેની વિગત

(૧) માંસ દેખાવમાં અસ્વચ્છ અને બખોવાળુ છે (૨) તે ઝાઝી મુદત સુધી રહી શક્તું નથી (૩) તે અનાજ કરતા મોંઘુ પડે છે (૪) તે ખાવાથી અનીતિવાન તથા નારડીયા થવાય છે અને મિજાજ ગરમ રહે છે (૫) વનસ્પતિ ખોરાકથી જેવી આરોગ્યતા રહે છે, તેવી માંસથી રહેતી નથી (૬) તેનાથી ક્ષય વિગેરે રોગો થાય છે (૭) તાવના દરદીને માંસનો ખોરાક પચતો નથી મંદવાડમાંથી ઉઠેલો માણસ માંસ ખાય તો ફરીથી ઉવટો ખાય છે ઇંગ્રેજીમાં તેને "મીટ ફીવર" એટલે માંસજ્વર કહે છે (૮) માંસમાં "નાઇટ્રોજન" વધારે પ્રમાણમા હોવાથી ખાનાર ફુલી જાય છે

(૮) ગાય, એતના ફસેલા વિગેરે ઉપર જે મોટા દાણા ફલાય છે તે એક પ્રકારના રોગ છે, તે માંસાહારીના શરીરમાં દાખલ થતે નુકશાન કરે છે અને અંતે મરણના શરણ થવાય છે

ડાક્ટર એોકવાર્ડ લખ્યુ છે કે રોગિષ્ટ માંસથી મનુષ્યને થતા રોગમાંથી નીચે જણાવેલા રોગો તે ખાનારને લાગુ પડે છે (૧) ઢોરમા થતી મરકી, (૨) ઝેરના થતો "ટાઇફોઇડ ફીવર" તાવ (૩) પાસળી, ફેફસા અને પડખાના રોગો (૪) મોઢા અને પગમા થતો સોજાનો રોગ (૫) 'એનથ્રે ક્ષ' રોગ (૬) બગડેલા લોહીથી થતો રોગ (૭) ગંડીવાનો રોગ જેનાથી હડકવા જેવું દર્દ થાય છે—એવા રોગો રોગિષ્ટ જાનવરોનું માંસ ખાવાથી થાય છે હવે અમુક માંસ નિરોગી જનાવરોનુંજ છે, એવું સિદ્ધ કરવાના સાધનો ઓછાં હોય છે તેથી એવા રોગિષ્ટ માંસનો ઉપયોગ થવાનો સંભવ વધારે હોવાથી ઉપર મુજબના રોગો માણસોને લાગુ પડે છે અને એ પ્રમાણે માંસનો ખોરાક નુકશાનકારક છે, તેમ છતાં પ્રાણીઓને વધાલયમાં વધાવું જો ઉચિત નેનાથી (મારી તેના માંસ વડે મનુષ્ય જેવો બુદ્ધિવાન અને વિવેકી વિચારવાન પ્રાણી પોતાનો જીવ પોષે છે તે બહુજ અધમ કામ છે

માંસ ખાનારાઓ માત્ર પેટ ભરવા ખાતરજ ક્ષણિક લાભ થાય છે, અને બીજાના પ્રાણ જાય છે ત્યારે વનમાં સ્વાભાવિક રીતે ઉત્પન્ન થયેલા કુદરતી ભાજીપાલાદિ વડે પણ તૃપ્તિ થઇ શકે છે, તે નહિ વાપરતાં, આ બીજાના પેટ માટે પ્રાણીઓના જાન લેવાનું મોટું પાપ કોણ કરે ?

જુદા જુદા પ્રાણીઓની શારીરિક રચના ઉપરથી આપણને માલુમ પડે છે કે કુદરતે માણસો માટે વનસ્પતિનોજ ખોરાક સરજ્યો છે ઘોડા, હાથી ગાય વગેરેને માટે ઘાસનો ખોરાક સરજ્યો છે વાઘ સિંહ કુતરા વગેરેને માટે માંસનો ખોરાક સરજ્યો છે

માંસાહારી પ્રાણીઓને પંઝા અને નખ હોય છે કુતરીયા દાંત મોટા અને લાંબા હોય છે, ને તેઓની હોજરી નાની હોય છે તેથી સ્પષ્ટ સમજાય છે કે તેઓને માસનો ખોરાક અનુકુળ પડે છે માણસની શારીરિક રચના એવી નથી, તેમજ ઘાસ ખાનાર પ્રાણીઓ જેવી પણ નથી તેથી માણસને વનસ્પતિનો ખોરાકજ માફક આવે છે **લીનીયસ, બેરન કુવીઅર** અને **રોમસ બેલ** વિગેર ડૉક્ટરોનો મત એવો છે કે, માણસના શરીરની રચના (મુખ્યત્વે કરીને તેની હોજરી, દાંત, મો) જોતા કુદરતે તેમને **વનસ્પતિનો** ખોરાક ખાવાનેજ સરજ્યા છે વળી ઘણે ભાગે જે પશુઓ પોતાની જીભ પાણી પીવા લપલપાયમાન કરી જીભથી પાણી પીએ છે તેવા પશુ-વાઘ, વરૂ, શિયાળ, કુતરા વિગેર માંસાહારી હોય છે અને જેઓ મુખદ્વારાએ પાણીને ચૂસીને પીએ છે, તેવા ઘોડા, ગાય, પાડા અને ઘેટાં વિગેરે પશુઓ અને મનુષ્યો માંસાહારી નથી, પણ વનસ્પત્યાહારી છે માંસાહારી મનુષ્યો હિંસક પ્રાણીઓની પેઠે જીભ લપલપાવીને પાણી પીતા નથી, તો તેઓ માસનો આહાર કેમ કરતા હશે ? વળી જે પશુઓને પગમા બે ખરીયો હોય છે તે બધા વનસ્પત્યાહારી જાણવા

વનસ્પતિનો ખોરાક માંસના ખોરાક કરતા વધારે તાકાતવાળો છે, એવા હજારો દાખલા મોજુદ છે દાખલા તરિકે જાપાન જેવી નાની પ્રજા કે જે ભાત ખાઇને રહે છે તેણે રૂશીયન જેવી માંસાહારી મહાન્ શહેનશાહતને ધ્રુજાવી નાખી વળી માંસાહારી પશુઓ કરતા વનસ્પત્યાહારી પશુઓ વધારે બળવાન હોય છે હાથી, ઘોડા, બળદ, ઊંટ અને પાડા વિગેરે પશુઓ માત્ર વનસ્પતિનો આહાર કરી ઘણીજ મહેનતનું કામ કરે છે અને ઘણાજ ઉપયોગિ અને બળવાન હોય છે

ઉપર મુજબની હકીકતથી સાબિત થાય છે કે વનસ્પતિ આહાર ગુણકારી અને આપણા શરીરનું પોષણ કરવાને પુરતો છે અને માંસનો

ખોરાક નુકસાન અને હાની કરતા છે તે હજારો દલીલો અને મહાન્ કવિઓ તથા પ્રખ્યાત ડૉકટરોના અભિપ્રાયોથી તેમજ આપણા આર્ય વૈદ્યો સુશ્રુત, વાગ્ભટ અને ચરકના મતોથી સિદ્ધ થાય છે પરંતુ સ્થળ સંકોચને લીધે આ લઘુ ગ્રંથમાં તેનું સઘળું વિવેચન થઇ શકતું નથી તોપણ બારિકાઇથી વિચાર કરતા સર્વે પ્રકારે માસનો ખોરાક નુકસાનકારક છે તે નીતિનું તેમજ ધર્મશાસ્ત્રોની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા છે હિંદુ, મુસલમાન, ક્રિસ્તી અને જરથોસ્તિ વિગેરે દરેક ધર્મમા માસ ખાવાની ને હિંસા કરવાની તદન મનાઇ કરેલી છે. પણ કોઈ એમ સવાલ કરે કે તમે તો હિંસા અને માસ ભક્ષણની વિરૂદ્ધના પ્રમાણ બતાવ્યા, પણ કુરાનમા તેમજ જરથોસ્તિ ધર્મમા તેની તરફેણનાં પ્રમાણો પણ મળી આવે છે તેનું કેમ ? આનો જવાબ જેકોઈ માણસ એકજ બાબતમા ઉલટાસુલટી બેમત આપી શકે નહિ તેમ છતા જ્યારે બે મત મળી આવે, ત્યારે એક મત શાસ્ત્ર કારનો અને બીજો મત બીજા કોઇનો સમજવો હવે આ બે મતમા કયો મત શાસ્ત્રકારનો હશે ? તે બાબત બુદ્ધિને આગળ કરીને નિષ્પક્ષપાતપણે વિચારવાનું છે

દરેક શાસ્ત્રોના બધા પ્રમાણો આપતા એક મોટો ગ્રંથ થઈ જાય અને આ લઘુ ગ્રંથમા સમાસ થઈ શકે નહિ તેથી ઘણાજ જુજ પ્રમાણો આ નીચે આપ્યા છે જીજ્ઞાશુએ વધારે જ્ઞાન ધર્મશાસ્ત્રોમાથી જોઈ લેવી

હિંદુ ધર્મશાસ્ત્રના પ્રમાણો.

श्लोक

स्वमांस परमांसेन योवर्धयितु मिच्छति ।
नास्ति क्षुद्रतर स्तस्मात्सनृशंसतरो नरः ॥

મહાભારત અનુશાસન પર્વ.

અર્થ—જે પારમ માસે કરી પોતાના માસને વધારવા ઇચ્છે છે તેનાથી વધારે કોઈ અધમ નથી અને તે અતિ ક્રૂર છે

श्लोक.

अद्रोहः सर्वभूतेषु कर्मणा मनसा गिरा ।
अनुग्रहश्च दानं च सतां धर्मः सनातनः ॥

મહાભારત શાંતિપર્વ અધ્યાય. ૧૬૨.

અર્થ—મન, વાણી તથા કર્મે કરી પ્રાણી માત્રનો દ્રોહ ન કરવો, દયા રાખવી, તથા ઉપકાર કરવો, એ સત્પુરૂષોનો સનાતન ધર્મ છે

श्लोक.

ना कृत्वा प्राणिना हिंसा मासमुत्पद्यते क्वचित् ।
नच प्राणिवधः स्वर्ग्यस्तस्मात्मासं विवर्जयेत् ॥

મનુસ્મૃતિના પાચમા અધ્યાયનો ૪૮ મો શ્લોક

અર્થ—કોઈ પણ પ્રાણીનો વધ કર્યા શિવાય માસ મળતું નથી અને પ્રાણીનો વધ કરવાથી સ્વર્ગ મળતું નથી માટે માસ ખાવાનું ત્યાગ કરવુ જાઇએ

श्लोक

यस्तु प्राणिवधं कृत्वा पितृन्मांसेन तर्पयेत् ।
सोऽविद्वांश्चदन दग्ध्वा कुर्यादगारलेपनम् ॥

वृद्धपराशरस्मृति.

અર્થ—જે પુરૂષ પ્રાણીની હિંસા કરીને તેના માસ વડે પિતૃ દેવને તૃપ્તિ કરે છે તે મૂર્ખ સાગ સુગંધવાન્ ચંદનને બાળીને તેની રાખનું પોતાના શરીરે લેપન કરે છે (માટે યજ્ઞ તથા શ્રાદ્ધ નિમિત્તે કોઈ જીવની હિંસા કદી પણ કરવી નહિ.)

જૈન ધર્માવલંબીઓ **અહિંસા પરમોધર્મ** વાસ્તવિક રીતે માને છે અને તેજ પ્રમાણે તેનું વર્તન પણ કરે છે તેઓ સુક્ષ્મમા સુક્ષ્મ જીવ-કંથુઆ આદિકની પણ મન વાણી અને કર્મે કરીને હિંસા ચિંતવતા નથી, પણ ખરેખરી જયણા-દયા પાળે છે અને અભક્ષ્ય-અનંત કાય (બટાટા સુરણ, લસણ આદિ જે કંદમૂળ કહેવાય છે) પણ વાપરતા નથી તેથી તેમના ધર્મશાસ્ત્રના પ્રમાણો અત્રે મૂક્યા નથી કારણ એ પરમ દયામય ધર્મમા હજારો ફરમાનો હિંસા નહિ કરવા વિષે મોજુદ છે ખરું જોતા જૈનધર્મીઓજ **અહિંસા પરમોધર્મ** એ મંત્ર વાક્યનો ખરેખરો અમલ કરે છે

મુસલમાની ધર્મશાસ્ત્રોના પ્રમાણો.

મુસલમાનો પરમેશ્વરને **રહિમાન** કહે છે તેનો અર્થ દયાળુ ઇશ્વર થાય છે તેવો દયાળુ ખુદા પોતાના એક બચ્ચાની ક્ષણિક તૃપ્તિને માટે, પોતાના બીજા રાંક અને પ્યારા બચ્ચાના વધારામા વહાલા જાન લેવાનો હુકમ આપેજ કેમ ? તેમનામા એક ૪૦ દિવસની ધર્મક્રિયા થાય છે તેને **સિલ્લો** કહે છે તે સિલ્લો બેસનાર કોઈ પણ જાનનુ માસ ખાતો નથી તેમના પીરો તથા ઓલીયાઓએ પણ પોતાનો ખોરાક બાફેલા શાક ઉપર રાખેલો હતો તે વિષેનો પુરતો ખુલાસો **તવારિખે ફેરસ્તા તજકીરે ઉલ અવલિયા સદીન ઉલ અવલિયા** અને **તફેદાતુલઉલનસ** વિગેરે કિતાબો જોવાથી મળી આવે છે વળી આજ પણ કોઈ મુસલમાન '**સાલેક સરીઅતમાથી**' **તરકીત**મા પેસે છે તો તે તરતજ માંસ ખાવુ છોડી દે છે વળી **રાયણ વહોરા** જે કદી માંસ ખાતા નથી તેમને **નમાસીયા** અથવા **નગારશીયા** કહે છે પેગંબર હજરત મહંમદની સાહેબના ખલીફા અલી જનાબ '**હજરતઅલીની સાહેબે**' ફરમાવ્યુ છે કે —

ત્રીસરો.

॥ फला तजअलू ब्रुतूनकुम मकाबरल हयवानात ॥

फ़ारसीबेत

नसाज़ी मकामे शिकमरा तुगुर ।

जेवेहरे बहायम जेवेहरे तूयूर. ॥

અર્થ —તું પશુ-પખીઓની કબર તારા પેટમા કરીશ નહિ અર્થાત્ પશુ-પક્ષીઓને મારી તું ખાઇશ નહિ

કુરાનશરીફમા સૂરાઅનઆમ-આયત ૧૪૨ મા અલ્લાતાલાએ માફ કરમાવ્યુ છે કે—

व मिनल अनआमे हमूलतंव वफर्शा । कुलूमिम्मा रजक कुमुल्लाहो॥

અર્થ —અલ્લાએ ચોપગા જનાવરોમાથી કેટલાક ભાર ઉપાડવા માટે પેદા કીધા છે અને ખાવાો માટે જમીનને લગતી વનસ્પતિ તથા અનાજ ઉત્પન કર્યું છે, તે તમે ખાઓ

વળી કુરાનમાં સાફ લખ્યુ છે કે-કોઈ પણ પ્રકારનુ માસ ખાવુ નહિ. નેમ છના માસના લાલચુ માણસો બા'રી શોધી અવળે રસ્તે ચાલી માસનો ઉપયોગ કરે છે તે બહુજ ખોટુ છે જુઓ (કુરાન) સૂરાઅન આમમા લખ્યુ છે કે-" તમે ન ખાઓ-લોહી અને ડુક્કરનું માસ, મોતથી મરેલાનું, કોઈ મૂર્તિના નામથી મારવામા આવે તેનુ, ગળે ફાંસો દેઈ મારવામાં આવે તેનું, ઘાથી મારવામા આવે તેનું, પડવાથી મરે તેનું અને કોઇ બીજા પ્રાણીના મારવાથી મરે તેનુ માસ."

પ્રિય વાચનાર ! ! હવે કહો કે ક્યા પ્રકારનું માસ ખાવાની મુસલમાન ભાઈઓને છુટ રહી ? કાંઇજ નહીં પરતુ શાસ્ત્રોના પવિત્ર ફરમાનો સ્વાર્થના આગળ દબાઇ ગયા, અને જીભના સ્વાદથી દેખાદેખી હિંસા અને માંસનો પ્રચાર વધી પડ્યો પણ પવિત્ર ઈમાની મુસલમાન

ભાઇઓએ પોતાના શાસ્ત્રોનો અભ્યાસ કરી ખુદાના પવિત્ર ફરમાનો માથે ચગાવવા જોઇએ

હવે હિંસા નહિ કરવા વિષે અલ્લા મક્કે સરીફમા શિકારની મનાઇ કરે છે કુરાનમા **સુરાઊલમાયદ** સિપારા ૪ મજલ ૨ આયત ૭ મા લખ્યુ છે કે, મક્કામા તેની હદ સુધીમા કોઇએ જનાવર મારવુ નહિ કોઇ ભૂલથી મારે તો તેને બદલે પોતાનું પાળેલુ જનાવર મુકી દેવુ અથવા બે ડાહ્યા માણસો જે કીમ્મત ઠરાવે તેટલી કીમ્મતનુ ખાણું ગરીબોને ખવરાવવુ આ ઉપરથી સાફ સમજાય છે કે ડાહ્યા મુસલમાનોએ આ કામને નાપાક ગણેલુ હોવાથી, આવા પવિત્ર સ્થાનમા તે કામ કરવાને મના કરેલી છે

વળી મજકુર દાખલાથી જણાય છે કે, મુસલમાનો દેવ નિમિત્તે પુણ્ય માની બક્રીઇદના દીવસે બકરી મારે છે તે તદ્દન ખોટુ છે, કારણ કે જો દેવ નિમિત્તે હિંસા કરવાથી પુણ્ય થતું હોય તો મક્કા જેવા ધર્મસ્થાનમા હિંસા કરવાની શા માટે મનાઇ કરે?

બકરીઇદના દીવસે બકરી નહિ મારવા વિષે કુરાનમા **સુરાહુ-હજની** ૩૬ મી આયતમા અલ્લાતાલાએ ખુદ ફરમાવ્યુ છે કે— **“માસ અગર લોહી મને પહોચશે નહિ, પણ એક પરહેજગારી પહોચશે.”** આવી રીતનો લેખ છતા બક્રીદ નો રિવાજ પડવાનું કારણ નીચે મુજબ છે —

ઇબ્રાહીમ પેગમ્બર જ્યારે ઇમાનમાં આવ્યા ત્યારે તેમના ઇમાનની પરિક્ષા કરવા માટે અલ્લાએ તેમને કહ્યું કે તારી વહાલામા વહાલી ચીજનો ભોગ આપ, તે ઉપરથી તેમણે પોતાના એકના એક દીકરા ઇસ્માઇલને મારવા તૈયાર કર્યો, અને પોતાની આંખોએ પાટા બાંધી તેને છરી વડે મારવા જાય છે, કે તરતજ અલ્લાની કુદરતથી છોકરાને ઠેકાણે એક ઘેટુ (દુમ્બો) આવી ઉભુ (એક ફેરસ્તાએ

છોકરાને ઉપાડી લેઈ તેની જગાએ ઘેટુ મૂક્યુ) અને તે કપાઈ ગયું, અને છોકરો બચી ગયો (કેટલાક કહે છે કે અલ્લાએ ઘેટાંને પણ સજીવન કર્યું) આ ઉપરથી મુસલમાન ભાઇઓ બકરી મારવાનો રિવાજ લેઇ બેઠા છે, પણ તેમાં તેમની ભૂલ થાય છે કારણ કે અલ્લાએ તો પેગંબરના ઇમાનની પરિક્ષા કરવા માટે છોકરાનો ભોગ માગ્યો હતો જો બકરી કે ઘેટાંનો ભોગ માગ્યો હોત તો વખતે એમ કહી શકાત કે ખુદાને એ ભોગ પ્રિય હતો ? અરે ! ભાઇઓ વિચાર કરો અલ્લાએ તો વહાલામા વહાલી ચીજનો ભોગ માગ્યો, અને તેમણે વહાલામા વહાલા પોતાના એકના એક દીકરાને મારવા ખડો કર્યો ! ! હાલ કયા મુસલમાન ભાઇએ અલ્લાતાલાના નામની ખાતર પોતાના દીકરાને મારવા ખડો કર્યો ? બિચારા નિરપરાધી રાંક બકરાને (પરમેશ્વરની એક ગરીબ પ્રજા) ખુદાના નામની ખાતર કાપી નાખી તેનો જાન લેઇ પોતાનુ પેટ ભરવુ તેથી શુ ખુદા રાજી થતા હશે ?

જરથોસ્તિ (પારસી) ધર્મમા જરથોસ્તનામામા લખ્યુ છે કે–

वकु शतन नीयारंद कसकु दरेह ॥

न आंगुस फदा के रासद घरेह ॥

ભાવાર્થ—કદી કોઇપણ જાનવર મોટુ અથવા જઈફ થયુ હોય, તેને અથવા નાના બચ્ચાંને અથવા કોઇ પ્રકારના જાનવર (જીવના પ્રાણી) ને મારવાની માફ મનાઇ છે

ખ્રિસ્તી ધર્મશાસ્ત્રમા–હુસીયા અધ્યાય ૮ આયત ૧૫ મા કહ્યુ છે કે "જ્યારે તમે તમારા હાથ (વિનતી માટે) ઉંચા કરશો ત્યારે હું (ઇશ્વર) મારી આંખ્યો તમારા તરફથી બીજી તરફ ફેરવીશ. અને તમે વિનતી પર વિનતી કરશો તો પણ હુ ધ્યાન નહિ આપુ, કારણ કે **તમારા હાથ પ્રાણીઓને મારવાથી લોહી લુહાણ છે.** "

આ વિષે કેટલાક [illegible] અને [illegible] વિરુદ્ધ [illegible] એમ [illegible] છે [illegible] તે [illegible] [illegible] [illegible] શક્તિ [illegible] તેથી સિદ્ધ [illegible] [illegible] [illegible] [illegible] માંસ ખાવાનો અનર્થ [illegible] કરવાનો [illegible] [illegible]

માંસાહારી લોકો કેટલીક વખતે એમ [illegible] એમ કહે છે કે " [illegible] [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે ' [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી ! માંસાહારી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે, ત્યારે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી ! અને [illegible] [illegible] [illegible] [illegible] છે ! [illegible] [illegible] મનુષ્યને [illegible] [illegible] [illegible] નિર્માણ કર્યો [illegible] તો [illegible] [illegible], અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ! [illegible] [illegible] [illegible] છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] હોય છે.' [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ૧૯૦૮ માં "લંડન વેજીટેરીયન એસોસીએશનના મેમ્બર મિસ. એફ. આઇ. નીકલસને" ૧૦૦૦૦ માઇલની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], ત્યારે "લંડન સાઇકલીંગ ક્લબ" [illegible], [illegible], [illegible], [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] લંડનની વેજીટેરીયન એસોસીએ-

શન લંડનના હજારો ગરીબ બાળકોને વનસ્પત્યાહાર પર રાખે છે વળી એક વેજીટેરીયને કોઈ કુતરીના નરતન જન્મેલા બે બચ્ચામાથી એકને વનસ્પતિનો ખોરાક અને બીજાને માસનો ખોરાક ખવરાવી ઉછેર્યા એક વરસ પછી સમીક્ષકોની સભામા તે બન્નેની હરીફાઈ કરાવી બનેનું યુદ્ધ થયુ, તેમા વનસ્પત્યાહારી કુતરાએ માસાહારીને હરાવી તદ્દન નાસીપાસ કર્યો એ પ્રમાણે અનેક અજમાયશોમા **વનસ્પતિ ખોરાક** સફળ નિવડ્યાથી વિલાયતમા એક મોટી હોટેલ કે જેના દર વરશે એક લાખ પૌન્ડ કે તેથી પણ વધારે કિમ્મતનું માસ વપરાતું, તેને બદલે એ હોટેલ તદ્દન **વનસ્પતિ ખોરાકની** બનાવી એ વિગેરે અનેક વૈદકીય સિદ્ધાંતોથી વનસ્પત્યાહાર દરેક સંજોગોની વચે સફળ નિવડ્યો છે વળી **બ્રુસેલ્સમા** વૈદકીય પ્રયોગ થયો છે તે એવી રીતે કે બ્રુસેલ્સના **વિશ્વવિદ્યાલયમાં મૅડેમોઈસેલ ટેટેયકો** નામની પ્રખ્યાત શારીરિક શાસ્ત્રની સ્ત્રી શિક્ષક છે તે માદક પદાર્થથી શરીર ઉપર શી અસર થાય છે? તે જાણવાને પ્રયોગો કરતી હતી કેટલાક વરસ સુધી તેણે ઘણી ઝીણી અને બારિક તપાસ કરી યથાર્થ પ્રયોગ દ્વારા સિદ્ધ કર્યું કે **માંસાહારી કરતાં વનસ્પત્યાહારીનું બળ, શ્રમ, અને સહનશીલતા ત્રણ ગણું વધારે હોય છે,** આમ ચાલીસ જણાની તપાસ કરી તેણે તેના પ્રયોગનુ પરિણામ પ્રસિદ્ધ કર્યું અને ન્યાયની ખાતર તેણે પોતે પણ વનસ્પતિનો ખોરાકજ લેવો શરૂ કર્યો. એ પ્રયોગને માટે એ સ્ત્રી ડૉકટરને **ફ્રાંન્સની એકેડેમી ઓફ મેડીસીન તરફથી ઇનામ મળ્યું** છે. આ બીના **વનસ્પત્યાહારી** બનવાને માટે ઘણીજ ઉપયોગી છે અને તેથી માંસાહારી માણસો વનસ્પત્યાહારી કરતા જોરાવર, મજબુત બાંધાના અને કદાવર હોય છે એ દલીલ આપો આપ રદ થાય છે પણ આ દેશના વનસ્પત્યાહારી હિંદુઓ કસરત તથા ખુલ્લી હવાની ખરી દરકાર બુજતા નથી, અને તેલ, મરચા વિગેરે નુકશાન કરતા ખોરાક

ખાય છે, તથા તેમનામાં કુસંપ અને ખરાબ રૂઢીઓ જેવી કે બાળ લગ્ન, કજોડાં, કન્યા વિક્રય, મરનારની પાછળ રોવું-કુટવું અને એક સ્ત્રી છતાં તેના ઉપર બીજી પરણવી, ઇત્યાદિ દુર્ગુણોએ વાસ કરેલો હોવાથી તેઓ શારીરિક તથા માનસિક બેસુમાર દુખ ભોગવી કમજોર હાલતમાં આવી જાય છે

કોઈ એમ પણ કહે છે કે-'અમે ક્યાં હિંસા કરીએ છીએ? અમે તો માંસ વેચાતું લાવીએ છીએ તેથી તેમાં અમોને શું પાપ છે? તેમને નમ્ર જવાબ કે-માંસનો જેમ ઓછો વાપર થાય તેમ હિંસા ઓછી થાય, કારણ કે માંસના વાપરના પ્રમાણમાં હિંસા ઓછી વત્તી થાય છે તેથી માંસના ખાનારને પણ હિંસાનુંજ પાપ લાગે છે કેમકે ચોરી કરનાર અને ચોરીનો માલ રાખનાર સરખાજ ગુનેહગાર છે વળી મનુસ્મૃતિમાં સાફ કહ્યું છે કે 'પ્રાણીઓને મારવામાં મત આપનાર, મારનાર, કકડા કરનાર, વેચનાર, ખરીદનાર, રાંધનાર, ઉપાડી લાવનાર અને માંસને ખાનાર એ આઠે ઘાતકી છે" તેથી હિંસા કરનારને જેટલુંજ પાપ માંસ ખાનારને લાગે છે વળી કોઈ કહે છે કે "જગમાં અવતરી રહેવું માંસ ખાવામાં દોષ નથી" તેને ઉત્તર જે-જો વેદમાં એવી છુટ આપી હોય તો તે નિવૃત્તિનું નિરૂપણ છે એટલે કે-માંસ કદાપિ ખાવુંજ નહિ પણ જો કોઈને એના વિના બિલકુલ ચાલતુંજ ના હોય તો તે અપવાદ રૂપે એવા યજ્ઞનો સમારંભ ભારે ખરચ કરીને કરે તોજ તેનાથી માંસ વપરાય, નહિ તો વાપરી શકે નહિ એનો મતલબ એજ કે માંસ ખાવુંજ નહિ!

લેખકનો હેતુ મુસલમાન ભાઇઓને કે અમુક વ્યક્તિને આક્ષેપ કરવાનો નથી, પરંતુ તત્વાતત્વનો વિચાર કરી સાચી વાતનું નિરિક્ષણ કરાવવાનો છે મુસલમાનો હિંસા કરે છે અને હિંદુઓ નથી કરતા, એમ પણ કહેવાનું નથી મુસલમાનોમાંના ઘણાએ તો એવી દયા પાળે છે કે એક લીલું તરણું પણ કાપતા નથી, અને રાંકુ એક દાણું પણ

જીવન ચલાવે છે પણ દયા ધર્મનો દાવો ધરાવનાર આર્ય બ્રાહ્મણો-માના કેટલાક ધર્મને નામે ધર્તી । ચલાવી નિર્દોષ પ્રાણીઓનો વધ કરાવે છે તે ઘણુજ ખે કારક છે !

જ્યારે એક તરફથી ઇંગ્લાન્ડ, અમેરીકા વિગેરે ખ્રિસ્તી ધર્મના દેશોમા હજારો સ્ત્રી પુરુષો, **માસનો ખોરાક ત્યાગ કરીને વેજી-ટેરીયન** બને છે જ્યારે તે દેશોમા જીવ યાની હીલચાલ અનેક પ્રકારે વધારે ને વધારે ફેલાતી જાય છે, ત્યારે બીજી તરફ દયા ધર્મ **માટે પ્રખ્યાની પામેલા ભારતવર્ષ-આર્યાવર્તમાં સર્વેથી ઉંચા તથા પવિત્ર ગણાવવાનો દાવો ધરાવતા બ્રાહ્મણોમાના કેટલાક ધર્મના નામે બિચારા નિર્દોષ જાનવરોના લોહીની નદીઓ વહેવરાવે એ ખરેખર અફસોસકારક છે !!** જાતર, નવગ્રહી, હંગેરા, અને યજ્ઞના બ્હાને લાખો અનાથ પ્રાણીઓના ભોગ વર્ષોવર્ષ આ પવિત્ર ગણાતા દેશમા ધર્મના બહાને અને દેવીના નિમિત્તે અપાય છે

જ્યારે કોઈ પણ દેવી જગતજનનિ તરિકે કહેવરાવવાનો દાવો ધરાવતી હોય, ત્યારે તે પોતાના નિર્દોષ છોરૂની હિંસા પોતાના દેખતાં ક્રૂર માણસોના હાથથી થતી જોઈજ શકે કેમ ? સાધારણ મનુષ્યણી ગમે તેવી નિર્દય હોય, તોપણ તેને પોતાના પ્યારા બચ્ચા તરફ કુદરતી પ્રેમ રહે છે ત્યારે દેવી તો જગતની માતા થવાનો દાવો ધરાવે છે તે શુ નિર્દય થતી હશે ? નહી નહીં !! પરતુ એમા દેવીનો કાંઈ દોષ નથી, તેના કહેવાતા ભક્તો પોતાના પાપી પેટને માટે, અગર તો કોઈ બીજા સ્વાર્થથી એવુ નિદનીય, પાપી અને ક્રૂર કામ કરે છે અથવા કરાવે છે પણ દેવીને માંસ પ્યારું નથી તેમ તેને નિર્દોષ પ્રાણીના જાન લેવા પણ ગમતા નથી જો તેને માસ જોઇતુ હોયતો, જીવના બોકડાને રાત્રે મદિરમા પુરી-દેવીને મારી ખાવો હશે તો તે ખાઈ જશે જો તે ... હશે તો તેને ચુથી લેશે, ને

સવારમા મ દિરમાથી મુડદુ નિકળશે, પણ જો જીવતો બોકડો નિક ે તો જાણવુ કે-દેવીને આમ પ્રિય નથી અને તે પરમકૃપાળુ દયાનીજ મૂર્તિ છે પણ પોતાના પાપી પેટને માટે ધૂર્ત લેકો જગતને અવળે રસ્તે દોરી બિચારા નિર્દોષ પ્રાણીઓના જાન લેવરાવે છે વળી જો દેવી વાસનાની ભૂખી હોય તો કતલખાનામાં ક્યા પ્રાણીઓ કપાતા નથી ? ત્યા જઇ વાસના લેઇ આવે !! પોતાના પવિત્ર મ દિરમા શા માટે લોહીનો કાદવ કરાવે ? પણ આ બધુ કહેવાના ભકતોનુ ધુતે ધુત, લોકને ઠગવાનુ ને પોતાનો પાપી સ્વાર્થ સાધવાનુ છે

આ સ્થળે ઓકટોબર અને ૧૯૧૧ ના "વૈદ્યકલ્પતરૂ" નામના માસીકમાથી વૈદ્ય **જટાશ કર લીલાધરના** નીચેના શબ્દો ઉપર તમામ **દયાળુ પુરૂષો** અને બ્રાહ્મણોના પવિત્ર ગુરૂ **શ્રી શ કરાચાર્ય મહારાજનું** ખાસ ધ્યાન ખેચવા માગુ છુ

"અષાઢમા હુ ત્રે ત્રણ દીવસ રહ્યો, અને એ ત્રણે દીવસો'
"મા ત્યર કમનસીબે અબામાતાજીને પશુઓનો ભોગ ધરવાના"
"નિર્માણ થયા હતા. પરમપાવની, જગતજનનિ મહા દયાળુ અહારે"
'વીની અહારની વેદી ઉપર **રકતની નદી** જોવામા આવી, અને'
"પરમપવિત્ર **બ્રાહ્મણો** એ નદીની આસપાસ હાથમા પાના પોથા'
'અને ગૌમુખી લે [બેઠેલા જોવામા આવ્યા શી બ્રાહ્મણોની અધમા-'
'વસ્થા !! અને ધર્મની દુર્દશા !!

મહાશયો !! જરા વિચાર કરો, જે **પરમ શાતિનું સ્થળ** તેને **કૂર જમરાજાનુ ઘર** બનાવનાર એવા બ્રાહ્મણોને શી ઉપમા આપી શકાય ? અબામાતાજીનુ મૂળ ધામ સિધમા આવેલા **નગરઠઠ્ઠા** શહેરમા હતુ તે મુસલમાનોએ લુટયુ, અને દેવીના ધામમા હિસા કરી તથા કુવામા ચામડા નાખ્યા તેથી તે સ્થળ અપવિત્ર થયુ એમ ગણી મહાદેવી ! પવિત્ર આરાસુરમા પધાર્યા ત્યારે એવા પવિત્ર માજીના

મન્મુખ તેમનાંજ દેખતા તેમના પવિત્ર ધામમા આવુ ક્રૂર અને ઘાતનો કામ થાય તો એ મહાદેવીમા દેવાયતન શી રીતે રહે ?

ઘણા દયાળુ દેશી મહારાજાઓએ પોતપોતાના રાજ્યમા નવ રાત્રી, દશેરા અને યજ્ઞમા પ્રાણી વધ થતો બધ કર્યો છે વળી ગયા દશેરાને દીવસે ફીરોજપોરના બગાળીઓએ કાળીમાતાને જનાવરોનો ભોગ નહિ આપતા તેને બદલે માત્ર મેવા, મીઠાઇ આપવાનો ઠરાવ કરેલો છે તે સ્તુતિપાત્ર છે તેજ પ્રમાણે બીજા દેશી મહારાજાઓ પણ પોતાના રાજ્યમા આવી, ધર્મને બ્હાને થતી હિસા અને ગૌવધ બધ કરી પોતાની રાક પશુ-પ્રજાના આશિર્વા૰ લેશે, એવી આશા રાખવામા આવે છે

"**પ્રાણીપોકાર**"ની બુક અને તે સાથે વિનતી પત્ર મોક લાવતા ઘણા દેશી મહારાજાઓએ એવી હિસા બધ કરાવી છે તેના કેટલાક પત્રો આવેલા મોજુદ છે પણ સ્થળ સકોચને લીધે બધા પત્રો મુકી શકયો નથી તોપણ નેકનામદાર, હિઝ હાઇનેસ પાલણપુરના **નવાબસાહેબ** બહાદુરનો આવેલો પત્ર આ નીચે પ્રગટ કરૂ છુ

"શ્રી અમદાવાદ મધ્યે લીઆકત દીદાર કવિ સાકળચદ પિતા બરાસને માલમ થાય જે તમારો પત્ર તા ૨૨-૯-૧૦ નો આવેલ તેની હકીકત રોશન થતા જણાવવાનુ કે બેશક મુગા પ્રાણીઓનુ રક્ષણ કરવુ, એ મહાન્ સત્તાધારી કૃપાળુ પરમેશ્વરની સપુર્ણ મહેરબાનીઓ પોતાના ઉપર ઉતારવાનુ મોટુ સાધન છે, તેમા કોઇ પણ મનુષ્યથી બીજો શબ્દ બોલાય તેમ નથી તેવી આ સર્વ માન્ય બાબત છે

અમારે ત્યા પણ નવરાત્રી પ્રસગે આવી પ્રાણીહિસાની કાઇ ક્રિયા થતી નથી અને તે શિવાય બીજા દરેક પ્રસગે આ બાબત જેમ બને તેમ ઓછી કરવા અમારા ખરા જીગરથી પ્રયત્ન કરીએ છીએ. મહાન્ પ્રભુ આ બાબતમા સઘળા દીલોમા સુધમ હુલ્લાસો

ખોલી શુભ પગલા ભરવા ફરે એવી પ્રાર્થના તે દીનાનાથથી જારી છે * * * * * * તેથી વધારે લખવાની જરૂર નથી.

હજુર ફરમાનના શબ્દો કે ઉપર મુજબ હુકમ માફક નિવેદન કરું છું. તે મને પુરો હર્ષ થાય છે ' સાહેબ શ્રી હજુર હુકમથી

હજુર કારકુન ચમનલાલ અભાનાનના પવાયોગ્ય '

એ પ્રમાણે **માંસના ખોરાક અને પ્રાણિહિંસાની** વિરૂદ્ધના ટુંક વિવેચન કર્યું, વળી ડૉક્ટર **ટી. એલ નીકોલ્સ એમ ડી** કહે છે કે " **ફળ અને અનાજ** એ માણસનો કુદરતી અને તંદુરસ્ત ખોરાક છે માનસિક અને શારીરિક બળ આપતી રાખનાર પદાર્થોમાં તે શ્રેષ્ટ છે તે માણસને તન્દુરસ્ત રાખે છે અને દરદમાંથી મુક્ત કરે છે માણસના ખોરાકમાં જોઈતા સઘળા તત્વો પુષ્કળ જથ્થામાં તેમાં રહેલા છે **વનસ્પતિ ખોરાકથી** લાંબું જીવન ચપળતા અને આનંદ મળે છે દરેક ધંધાદારીના માટે દરેક દેશમાં અને દરેક વયના માણસ માટે તે શ્રેષ્ઠ ખોરાક છે મજુર તેમજ તત્વજ્ઞાની અને કારીગર તેમજ વકીલ માટે તે અદ્વિતીય ખોરાક છે **પ્રાણી ખોરાક** લાગણી ઉશ્કેરનાર દુષ્ટ વિકાર ઉત્પન્ન કરનાર અને ગરીબ તથા ઘણી વખત ઝેરી હોય છે પ્રાણી ખોરાક ખાનાર વિષયલુબ્ધ અને દુરાચારી બને છે વળી વિષયલુબ્ધ લોકો જલદીથી કૌવતહિન થઈ જવાથી તેઓને કૃત્રિમ ઉત્તેજનાની જરૂર પડે છે અને આવી રીતે તેઓ વિનાશના નજદિક આવતા જાય છે "

ઉપર મુજબ સર્વ પ્રકારે માંસનો ખોરાક અને પ્રાણીઓની હિંસા દેખીતા નુકશાનકારક અને પાપના બીજરૂપ છે તેમ છતાં માંસનો વ્યાપાર દેખાદેખી વધી જવાથી હજારો ઉપયોગી પશુ-પ્રાણીઓ કસાઈના ભોગ થઈ પડે છે એ ઘણુંજ ખેદકારક છે કોઈ પણ ધર્મ શાસ્ત્રમાં કોઈપણ પ્રસંગે માંસ પ્રાણીવધ કરવાનું છેજ નહિ પરંતુ સ્વાર્થના લાલચુઓએ પાછળથી કપોલ—કલ્પિત અર્થ કરી અથવા તો મૂળમાં વિચિત્ર પ્રકારનો શેળભેળ કરી

જનસમાજને અવળે માર્ગ દોર્યો છે. પણ હવે વિચારશક્તિરૂપ સૂર્યનો ઉદય થયો છે ને પશ્ચિમાત્ય હજારો વિદ્વાનો પ્રાણીહિંસા અને પ્રાણી ખોરાકથી વિરૂદ્ધ પડી **દયાદેવીના ઉપાસક** થયા છે ને લાખો લોકો માંસ અને હિંસા તજતા આવે છે આવા સુધરેલા જમાનામાં અહા ! દયાને માટે પ્રખ્યાત પામેલા હિંદ જેવા આર્ય દેશમાં ધર્મને નામે ઘોર પાપ થાય છે તે અફસોસની વાત છે !

હાલમાં કાળીચાટમાં હેનીની સમક્ષ સેંકડો નિરપરાધી પ્રાણીઓ ધર્મને બ્હાને વધેરાય છે પણ વિચાર કરો કે આથી આપણા દેશની કેવી અવનતિ અને અધમાવસ્થા દિન પ્રતિદિન થાય છે **ખેતીવાડીના સાધનો** પશુઓની અછતને લીધે નબળા થઇ ગયા છે અને અનાજની મોંઘવારી દુ:ખદાયક થઇ પડી છે દૂધ, ઘી વિગેરે સાત્વિક પદાર્થો ઘણાજ મોંઘા થઈ ગયા છે દુષ્કાળ વારંવાર ત્રાપ મારે છે તેવા વખતમાં હજી ચેતવામાં નહિ આવે તો ભવિષ્યમાં આપણી કેવી અધમાવસ્થા થશે તેનો પૂર્ણ ખ્યાલ કરી જેમ બને તેમ જલદીથી **દેશની હાલત અને રાજા પ્રજાના ખજાના રૂપ પ્રાણીઓની હિંસા** અટકાવી **માંસ ભક્ષણનો** ત્યાગ કરો એજ અર્જ આ ગરીબ કર્ત્તા છે શિવદત્તા અસ્તુ !

અમે ઘણાજ હર્ષપૂર્વક હવાલો આપવામાં આવે છે કે "**પ્રાણીહિંસા અને પ્રાણીખોરાક નિષેધ**" નામનું અતિ ઉપયોગી પુસ્તક, આ પુસ્તકમાનુ છેલ્લું નવુ લખવામાં મને મદદગાર થઈ પડ્યું છે તે પુસ્તક ગદ્યમાં લખાએલું છે તેમાં શાસ્ત્રોક્ત ઘણા દાખલા માંસભક્ષણ અને હિંસાની વિરૂદ્ધના છે એ પુસ્તકનો પણ ફેલાવો થવાની જરૂર છે દરેક જિજ્ઞાસુ માણસોએ ખાસ કરીને તે પુસ્તક મનન કરવાની જરૂર છે, તેની કીમત રૂ ૦-૫-૦ છે, તેના કર્તા **મોતીલાલ મનસુખરામ શાહ** ડે અમદાવાદ—શાહપુર તરફથી મળી શકશે.

સા. પી. શાહ. લેખક

ધન્યવાદ

આ પ્રાણીપોકાર 'નિર્દોષ અવાચક પશુ-પંખીઓના કરૂણા જનક કથન રૂપે' પ્રબંધ રચી તેની પહેલી આવૃત્તિની ૧૫૦૦૦ પ્રતો ઉદાર જૈન ગ્રહસ્થોની મદદથી છપાવી જનસમાજમાં મફત વહેંચી તે લોકપ્રિય થઈ અને તેથી ઘણા નીરાપરાધી પ્રાણીઓનો બચાવ થયો તે ઉપરથી વિશ્વવિખ્યાત, વિમળવિજ્ઞાન, વિભાકર, યુગ પ્રધાન ન્યાયાંભોનિધિ, **શ્રીમદ્વિજયાનંદસૂરિશ્વર ઉર્ફે આત્મારામજી** મહારાજના પ્રશિષ્ય પરમદયાળુ સંવેગીગીતાર્થ મહામુનિરાજ **શ્રીહંસવિજયજી** સાહેબે આ પુસ્તકની ૨૦૦૦ પ્રતો મહારાષ્ટ્ર ભાષામાં તૈયાર કરાવી પરોપકારાર્થ વહેંચાવી

વળી પંજાબ વિગેરે સ્થળોમાં હિંદી ભાષાના પુસ્તકની જરૂર જણાયાથી ઉક્ત મુનિમહારાજાએ સુરતનિવાસી શ્રાવક કુળ ભુષણ ઝવેરી **સોભાગ્યચંદજી નગીનચંદજીને** ઉપદેશ આપી તેમની શુભકમાણીથી આ પુસ્તકનો હિંદી ભાષામાં પુનરોદ્ધાર **પંડિત પુર્ણચંદ્ર શર્માજી** પાસે કરાવી તેની ૧૦૦૦૦ પ્રતો પ્રસિદ્ધ કરાવી ઘણોજ ઉપકાર કર્યો ત્યાર બાદ આ ગુજરાતી ભાષાના પ્રાણીપોકારની માગણી દયાળુ માણસો તરફથી વધી તેથી તેઓ સાહેબનાજ ઉપદેશથી સુરત નિવાસી જૈન સભાધીન સદ્ગ્રહસ્થોની મદદથી આ આવૃત્તિનો ફરીથી ઉદ્ધાર થયો તેથી ઉક્ત મહામાન્યવર મહાશયોનો તેમજ આ પુસ્તક વાંચી હિંદુ-મુસલમાની-ઇસાઈ-પારસી આદિ મહાશયો જેઓ નિર્દોષ મુંગા પ્રાણીઓના પ્રાણ બચાવશે તે સર્વેને પ્રેમ પૂર્વક અનંતાનંત **ધન્યવાદ** આપી કૃતાર્થ થઉં છું અને પરમકૃપાળુ પરમાત્માની પ્રાર્થના કરૂં છું કે તે દયાળુ મહાપ્રભુ વાચકવૃંદના અંતઃકરણમાં નિવાસ કરી મારો અને સુજનોનો પ્રયાસ સફલ કરાવે એજ અભિલાષા છે

રાયપુર મામળાની પોળ—
અમદાવાદ.

પ્રાણીમાત્રનો પુનીતમિત્ર
સાકળચંદ પિતામ્બરદાસ શાહ.

આભારપત્ર

આ પ્રાણીપીકાગની પુનરાવૃત્તિ છપાવવામા સુરત નિવાસી નીચે જણાવેના ઉદાર, મદદગારોએ નીચે પ્રમાણે પૈસાની મ૦ કરી છે તેથી તેમનો અંત કરણપૂર્વક આભાર માનવામાં આવે છે

૫૧ શા ડાહ્યાભાઈ ધનજીભાઈ	૫૧ શા હીરાચદ ખીમચદભાઈ
૫૦ ઝવેરી નગીનદાસ કપુરચદ	૧૫ શા દીપચદ ભીમજી
૧૫ શા નાનાભાઈ દેવચદ	૧૧ શા. નેમચદ નાથાજી
૧૦ શા મગનલાલ નાનચદ	૧૦ શા મોતીચદ હીરાચદ
૮ શા બાપુભાઈ નારણદાસ	૭ શા દીપચદ ગુલાબચદ
૧ શા રીગચદ મુળચદજી	૫ શા ઉમેદચદ ખીમજી
૩ શા પુનમચદ હીરજી કુલ ૩ ૨૪૧	

જાહેરખબર

નીચેના પુસ્તકોની ગુજ પ્રતો રહી છે તેથી જે સજ્જનોને તે મગાવવાની મરજી હોય, તેમણે તાકીદથી વી પી થી અગર રોકડી કિમ્મત મોકલી મગાવી લેવા મહેરબાની કરવી (ટપાલ ખર્ચ મગાવનારે પોતાને શિર સમજવુ)

કુમાર વિહાર શતક	કિમ્મત	૧—૪—૦
હંસ વિનોદ આવૃત્તિ પહેલી	,,	૦—૧૨—૦
નિર્નિર્ણય આવૃત્તિ પહેલી	,,	૦—૨—૦
જૈનતત્વસાર ગુજરાતી ભાષાંતર	,,	૦—૨—૦
ગોરજીના ઝગડા અને પતિનો પસ્તાવો	,,	૦—૧—૦
મોક્ષિયાને શિખામણ	,,	૦—૦—૬

શ્રીહંસવિજયજી જૈન લાયબ્રેરી
લુણસાવાડે મહોટી પોળ—અમદાવાદ.